# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૮ * એપ્રિલ, ૨૦૨૧

## ૮૯મી
## સમ્યક્ત્વ જયંતી



અહો ! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે-પ્રદેશે આનંદનો જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશો આનંદથી ઊછળે છે. આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ઇન્દ્રિયોંકે સુખોંમેં રત હોનેકા જો કુછ સ્વભાવ હૈ, ઉસીકો સર્વ પ્રકારસે દર્શનમોહકા ઉદય જાનો. જો શ્રી જિનેન્દ્રકે ઉપદેશકો પ્રાપ્ત કરતા હૈ વહ અતીન્દ્રિય આનંદકે સાધનસે કર્મોંકા ક્ષય કરતા હૈ. ૧૮૫૮.

(શ્રી તારણસ્વામી, ઉપદેશશુદ્ધસાર, શ્લોક-૨૫૮)

● શીતળ ઘરના ખૂણામાં રાખેલા શીતળ પાણીની માફક સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે અને વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલાં શીતળ પાણીની માફક અધિક ગુણવાળાના સંગથી ગુણવૃદ્ધિ થાય છે. ૧૮૫૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૭૦)

● ખેડૂતે એક વર્ષ સુધી કેટલા-કેટલા કષ્ટો વેઠીને પ્રાપ્ત કરેલા અનાજને, ખળામાં અગ્નિનો એક તણખો આવી પડતાં તે બાળી નાખે છે તેમ ક્રોધરૂપી અગ્નિ, ઘણા લાંબા સમયના સાધુપણારૂપ સારભૂત વસ્તુને ક્ષણમાત્રમાં બાળી નાખે છે—નષ્ટ કરે છે. ૧૮૬૦. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૩૬૮)

● હે મુને ! જિસ શ્રુતજ્ઞાનકો તીર્થંકર ભગવાનને કહા ઔર ગણધરદેવોંને ગૂંથા અર્થાત્ શાસ્ત્રરૂપ રચના કી ઉસકો સમ્યક્ પ્રકાર ભાવ શુદ્ધ કર નિરંતર ભાવના કર. કૈસા હૈ વહ શ્રુતજ્ઞાન ? અતુલ હૈ, ઈસકે બરાબર અન્યમતકા કહા હુઆ શ્રુતજ્ઞાન નહીં હૈ. ૧૮૬૧. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૯૨)

● સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે—કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી અઘસેનાની ધજાને હરી લે છે. ૧૮૬૨. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૧૦)

● કોઈ અતિ નિદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદ્ગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે, અને વળી આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો, એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે.૧૮૬૩.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૫૭)

વર્ષ–૧૫
અંક–૮




વિ. સંવત
૨૦૭૭
April
A.D. 2021
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનધારામાંથી વહેલા

## ગુરુભક્તિપૂર્ણ તત્ત્વરસસભર આધ્યાત્મિક–ઉદ્‌ગાર

● પ્રથમ ભેદજ્ઞાનના અભ્યાસરૂપ દશા પ્રગટ થતાં સ્વાનુભૂતિ થાય છે. વિકલ્પનો આશ્રય નહિ પરંતુ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ. ચૈતન્યનો આધાર–અવલંબન લેવાથી વિકલ્પ છૂટી જાય છે. નિરાલંબન થવાથી વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યનો આધાર લેવાથી વિકલ્પ તૂટીને અંદરથી સ્વાનુભૂતિ થાય છે. ચૈતન્યના અવલબંનરૂપ, માત્ર ચૈતન્યમાં લીનતારૂપ, ચૈતન્ય તરફ ઝૂકતી–એવી પરિણતિ કરવાથી તે પ્રગટ થાય છે. માત્ર વિચાર કર્યા કરવાથી નહિ, પરંતુ વિચાર કરી, તેનો પુરુષાર્થ કરીને અંદરમાં જો પરિણતિ પ્રગટ કરે તો તેમાંથી કોઈ અપૂર્વદશાની પ્રાપ્તિ થાય છે. આ કરવા જેવું છે અને તે જ મુક્તિનો માર્ગ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ એ જ માર્ગ બતાવ્યો છે. ૧.

● જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેમને ઓળખ્યા નથી માટે ‘જિનવરસ્વામી મળ્યા નથી’ એમ શાસ્ત્રમાં આવે છે. એ રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ અપૂર્વ છે; એ પણ જીવે કોઈવાર પ્રાપ્ત કર્યું નથી. જે ભગવાનને યથાર્થ ઓળખે તે પોતાના આત્માને યથાર્થ ઓળખે છે–એવો સંબંધ છે. ભગવાનને જે દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે ઓળખે તે પોતાને ઓળખે અને જે પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. માટે પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ શો છે, તેને પર સાથે શો સંબંધ છે–તે સમજી, બંને દ્રવ્યો જુદેજુદાં છે એમ યથાર્થ રીતે ખ્યાલમાં લઈ, પર સાથેની એકત્વબુદ્ધિ તોડવી. વિભાવભાવો પણ આત્માનો સ્વભાવ નથી, એમનાથી પણ પોતે જુદો છે; ગુણોના ભેદ અને પર્યાયોના ભેદ–એ પણ ચૈતન્યનું અખંડ સ્વરૂપ નથી. બધી રીતે ચૈતન્યને–શુદ્ધાત્માને ન્યારો ગ્રહણ કરવો, જુદો પ્રતીત કરવો. એમ કરીને, એનો જ વારંવાર અભ્યાસ કરી, એમાં લીનતા કરવી. આમ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થયા વિના રહેતી જ નથી. ૨.

● સમયસારમાં બધો–આખો માર્ગ આવી ગયો. આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, એક

દ્રવ્યની બે ક્રિયા નથી, બે દ્રવ્યની એક ક્રિયા નથી. પૂજ્ય ગુરુદેવશ્રીએ આ વારંવાર સ્પષ્ટ કરીને બતાવ્યું છે, બે દ્રવ્યોની સ્વતંત્રતા બતાવી છે, બીજાનું તું કાંઈ કરી શકતો નથી તેથી કર્તાબુદ્ધિ છોડી દે અને જેનાથી—જેનો આશ્રય કરવાથી—અનેક જાતની શુદ્ધ પર્યાય પ્રગટ થાય એવા નિજ શુદ્ધ આત્માને ગ્રહણ કર. તેને ગ્રહણ કરવાથી શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધીની અનેક જાતની નવીન શુદ્ધ પર્યાય પ્રગટ થાય, ને તે કરવા જેવું છે; તેમાં તને સુખ થશે—આનંદ થશે, તૃપ્તિ થશે. તેમાં જ સુખ માન—આનંદ માન, બસ ! તેમાં જ તૃપ્તિ થઈ જશે; પછી ક્યાંય બહાર જવાનું મન નહિ થાય. વિકલ્પ તૂટીને એવી તૃપ્તિ આવશે કે બહારનું તારું બધું ઊડી જશે. માટે તેને—નિજ શુદ્ધ આત્માને—ગ્રહણ કર. દેવ-શાસ્ત્ર-ગુરુને ને જ્ઞાયકને હૃદયમાં રાખ; અંદર ચૈતન્યની ધારા પ્રગટ કર; જીવનમાં તે જ કરવા જેવું છે. ૩

● આત્માનો સ્વભાવ તો અનાદિ-અનંત સદાશુદ્ધ પરિપૂર્ણ છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનારને તે સ્વભાવનો અંશ પ્રગટ થાય છે, પરંતુ તેને તે અંશથી શાંતિ-તૃપ્તિ-સંતોષ થઈ જતો નથી; તેને ભાવના તો સદાય પૂર્ણ વીતરાગતાની રહે છે. પુરુષાર્થની મંદતાને લીધે પોતે ભલે માત્ર સમ્યગ્દષ્ટિ જ હો, ગૃહસ્થદશામાં હો, તોપણ તેને ભાવના તો એવી જ રહે છે કે ક્યારે હું મુનિદશા પ્રાપ્ત કરું, ક્યારે હું પૂર્ણ વીતરાગતારૂપે પરિણમી જાઉં. તેને સદા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, આત્મામાં પ્રચૂર લીનતા ને પૂર્ણ વીતરાગતાની ભાવના રહે છે. એક અંશથી તેને સંતોષ થતો નથી.—આવું હોવા છતાં તેને અંશે શાંતિ અને તૃપ્તિ તો અવશ્ય થાય છે, કેમકે અનાદિકાળથી જે વિભાવમાં એકત્વબુદ્ધિ હતી, આકુળતા હતી, તે છૂટતાં કોઈ અપૂર્વ પરિણતિ પ્રગટ થઈ, જેનાથી અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો. અંતરમાં લોકોત્તર માર્ગ પ્રગટ્યો—આત્માનું અપૂર્વ તેમજ અલૌકિક પરિણમન થયું તેનો આનંદ થાય છે. આ રીતે તેને અપૂર્વ શાંતિ ને આનંદ પણ હોય છે અને પૂર્ણ આનંદમય વીતરાગદશાની ભાવના પણ રહે છે. ૪

● આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી; વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં, વચ્ચે શુભભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં શ્રદ્ધા થાય અને પછી

જેવી શ્રદ્ધા—પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે. ૫.

● સ્વાનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. જ્ઞાયકની અનુભૂતિની બીજ ઊગે તો અવશ્ય પૂનમ થાય જ. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે ચારે બાજુ ‘અનુભૂતિ કરો, અનુભૂતિ કરો’ એમ થઈ ગયું છે. પહેલાં તો બધા ક્રિયાકાંડમાં પડ્યા હતા; અત્યારે આવા વિષમકાળે આવા ગુરુ મળ્યા ને તેમણે બાહ્ય ક્રિયા નહિ, પણ અંતર અનુભૂતિની ક્રિયાનું રહસ્ય બતાવ્યું. જીવ અનંતકાળમાં બધું કરી ચૂક્યો છે—ત્યાગ કર્યો, અથાગ વૈરાગ્ય લહ્યો, પણ મુક્તિનો માર્ગ ન મળ્યો. તે અંતરનો માર્ગ મેળવવા અંતરમાં જ્ઞાયકની સમીપતા કર, જ્ઞાતાધારાની ઉગ્રતા કર, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. એકવાર વિભાવને પીઠ દીધી તે દીધી. વિભાવને શ્રદ્ધામાં પૂરેપૂરી તિલાંજલિ દઈ દ્રવ્યનું પૂરેપૂરું જોર લાવ. થોડી પણ કચાશ હશે તો અંદર નિર્વિકલ્પતા પ્રગટ નહિ થાય. વિભાવ અંદર જરાય પાલવે એવો નથી. વિભાવ સાથે અંશે પણ એકત્વ તને અંદર જતાં રોકશે. તારાં નયની આળસે તું રોકાયો છે. હરિ અર્થાત્ પરમાત્મા પોતાની પાસે જ છે, પોતે જ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો ચૈતન્યદેવ અખૂટ ભંડાર છે, રત્નોથી ભરેલો પર્વત છે, અનુપમ છે; તારે જે જોઈતું હશે તે બધું એમાંથી જ મળશે. જ્ઞાન પણ એમાંથી ને આનંદ પણ એમાંથી જ પ્રગટશે. તે જ્ઞાનાદિ બહાર આવશે તો તને પોતાને આશ્ચર્ય થશે—અહો, આવું જ્ઞાન ! આવો આનંદ ! ૬.

● આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમનાં દર્શન ને વાણી કેટલાં દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય ? ભારતનાં મહાભાગ્ય હતાં કે પૂજ્ય ગુરુદેવશ્રીનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાને અપૂર્વ લાભ મળ્યો. એમના પગલાં પડે ત્યાં મંગળ-મંગળ થઈ જાય ! આખી નગરી ફરી જાય ! મુંબઈનગરીમાં પંદર-પંદર વીસ-વીસ હજાર માણસોની વચ્ચે વ્યાખ્યાન આપે, બધા એકીટશે ટગર ટગર જોઈ રહે અને અદ્ભુત શાંતિ જાળવીને પ્રેમપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રીની જ્ઞાનવૈરાગ્યપૂર્ણ અમૃતવાણી ઝીલે. સૌ ભલે પોતાની શક્તિ પ્રમાણે સમજે વત્તુ—ઓછું, પણ સામાન્ય રીતે બધા એવી છાપ લઈને જાય કે ખરેખર આ કોઈ ધર્મપુરુષ છે. ૭.

● ચોથા ગુણસ્થાનથી જ સાધકોને નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પપણે સદાને માટે જામી જવાની ભાવના હોય છે. તેમને દ્રવ્યદૃષ્ટિને મુખ્ય રાખીને તત્ત્વસંબંધી—દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ આદિના અનેક વિચાર અંતરમાં આવે તો છે, પરંતુ તેઓ આકુળતારૂપ હોવાથી અંદરમાં ગોઠતા નથી, અને શુભભાવમિશ્રિત ક્ષાયોપશમિક અપૂર્ણ જ્ઞાનરૂપ હોવાથી તેમનામાં અધિકતા પણ લાગતી નથી. સહજતત્ત્વમાં સહજપણે જામી જવું છે, બાકી બધું કૃત્રિમ છે—એવી ભાવના ચોથા ગુણસ્થાનથી જ હોય છે. પરંતુ પુરુષાર્થની

મંદતા હોવાથી સ્વરૂપમાં લીનતા વિશેષ નહિ હોવાને લીધે, શ્રુતનું ચિંતવન, દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ઇત્યાદિ શુભભાવ આવ્યા વિના રહેતા નથી. ૮.

● જેમને સ્વભાવનો અંશ પ્રગટ થયો છે એવા સમ્યક્ત્વપરિણત જીવ પણ, પોતાને પ્રગટ થયેલી જ્ઞાતાધારાની સાથે જ્ઞાયકમાં લીનતાની તરતમતા પ્રમાણે, અવારનવાર ચૈતન્યમાં ચાલ્યા જાય છે. જેમ મુનિરાજ અંતરમાં ક્યાં વિચરતા હોય છે તે કળવું મુશ્કેલ છે, તેમ જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવનું પણ અંતઃપરિણમન કળવું મુશ્કેલ છે. તેમની અંતઃપરિણતિ અંતરમાં ક્યાં વિચરી રહી હોય છે તે તો જે જાણતા હોય તે જ જાણે ! ૯.

● હજુ ચોથા ગુણસ્થાનમાં હોય, છતાં જ્ઞાનીને એવા નિઃસ્પૃહ પરિણામ વર્તતા હોય છે કે દૃષ્ટિ-અપેક્ષાએ હું મનથી, વચનથી કે કાયાથી રાગનો કર્તા, કારયિતા કે અનુમંતા નથી—એમ નવ નવ કોટિએ મેં વિભાવને તિલાંજલિ આપી છે. મારી દૃષ્ટિ પરપદાર્થથી વિરામ પામી ગઈ છે. ભલે હજી અસ્થિરતા ઊભી છે, નવ નવ કોટિએ ત્યાગ તો ચારિત્ર પ્રગટે ત્યારે થાય છે, પણ આ તો દૃષ્ટિ-અપેક્ષાએ અંતરના જોરની વાત છે. જ્ઞાનીની દૃષ્ટિ પરદ્રવ્યથી ઊઠી ગઈ છે, જ્ઞેયોનું જ્ઞાન તે તો આત્માનો સહજ સ્વભાવ છે, પણ જ્ઞેયોને તન્મયપણે ગ્રહણ કરવાની બુદ્ધિ ખસી ગઈ છે. આત્માને રમવાનું નંદનવન તો નિજ આત્મા જ છે, તે એને રમવા માટે મળી ગયું છે. ૧૦.

● પાણી સ્વભાવે નિર્મળ હોવા છતાં પણ કાદવના સંયોગે મલિન દેખાય છે, તોપણ તેનો સ્વભાવ તો નિર્મળ જ છે. તેવી રીતે ચૈતન્યનો સ્વભાવ નિર્મળ અને જ્ઞાન તેમ જ આનંદથી પરિપૂર્ણ છે; પરંતુ જીવની દૃષ્ટિ બહારમાં હોવાથી તે, મલિનતા તેમ જ દુઃખનો અનુભવ કરે છે. જો ચૈતન્ય તરફ દ્રષ્ટિ કરે, ચૈતન્યને ઓળખે, તેના ઊંડાણમાં જઈને તેનો સ્વભાવ સમજે તો તેમાંથી નિર્મળતા, શીતળતા અને આનંદ પ્રગટ થાય છે. ચૈતન્યદ્રવ્ય અનંત અનંત શક્તિઓથી ભરેલું છે. તેમાં અનંત ગુણો ભરેલાં છે. ચૈતન્ય કોઈ અનુપમ તત્ત્વ છે. તે તરફ દૃષ્ટિ કરવાથી, તેમાં લીનતા કરવાથી આ વિકલ્પો તૂટીને જે સ્વાનુભૂતિ થાય છે તે સ્વાનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે. ૧૧.

● જેને આત્માની જિજ્ઞાસા જાગે, પિપાસા લાગે, બહારનું બધું દુઃખમય લાગે તેને, જો તે અંતરમાં ખોજ કરે તો, આત્માનો મહિમા આવે. જેને સંસારમાં તન્મયતા છે તેને આત્માનો મહિમા આવતો નથી. જેને બહારમાં—વિભાવમાં—દુઃખ લાગે તે વિચાર કરે કે—આ તો બધું દુઃખ છે. હું તો અંદર એવું કોઈ પ્રગટ અનુપમ તત્ત્વ છું કે જેમાં પરિપૂર્ણ સુખ છે. જેને જિજ્ઞાસા જાગે તે પોતાના આત્માનો ગુણવૈભવ જોવાનો પ્રયત્ન કરે, અને તો તેને તેનો મહિમા આવે. 'આત્માનો વૈભવ કેવો છે ? કોણ બતાવે ? કેમ પ્રગટ થાય ?'—એમ, જેને જિજ્ઞાસા હોય તે ખોજ કરે છે. ૧૨.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૧૦૦ ઉપર પ્રવચન ગતાંકથી આગળ)

## જ્ઞાનીના જ્ઞાનમાં પરનું નિમિત્તકર્તાપણું પણ નથી.

❊ પરિણામ–પરિણામીભાવથી પર સાથે કર્તાપણું તો બધામાંથી કાઢી નાંખ્યું. પરિણામ–પરિણામીભાવથી કર્તાપણું એક સ્વદ્રવ્યમાં જ હોય છે.

હવે નિમિત્ત–નૈમિત્તિકભાવમાં ત્રણ પડખાં–

❊ ત્રિકાળી સ્વભાવમાં પર સાથેનું નિમિત્તકર્તાપણું પણ કોઈ જીવને નથી.

❊ જ્ઞાનીને જ્ઞાનમયભાવમાં પર સાથે નિમિત્તકર્તાપણું નથી.

❊ પર સાથે નિમિત્તકર્તાપણું માત્ર અશુદ્ધ યોગ તથા રાગાદિભાવોમાં છે; તે અશુદ્ધભાવનું ક્ષણિક કર્તાપણું અજ્ઞાનીને અજ્ઞાનભાવમાં છે; તેથી તે અજ્ઞાનીના જ ક્ષણિક યોગ–રાગાદિ અશુદ્ધભાવોમાં જ પર સાથે નિમિત્તકર્તાપણું છે.

જ્યાં ભેદજ્ઞાન થયું, પરથી ભિન્ન આત્મા જાણ્યો અને રાગાદિ અશુદ્ધભાવોથી પણ ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવ જાણ્યો ત્યાં અજ્ઞાનજનિત તે નિમિત્તકર્તાપણું પણ છૂટી જાય છે; ને નિર્મળ જ્ઞાનાદિ શુદ્ધભાવનું જ કર્તાપણું રહે છે.

જુઓ ભાઈ, આ વાત સમજી શકાય તેવી છે. જો સમજી ન શકાય તો સમ્યગ્દર્શન કેમ થાય ? માટે પોતાનું સ્વરૂપ સમજવાનો ઉદ્યમ કરવો. એક જ્ઞાની; એક અજ્ઞાની; બંને હાથમાં તલવાર લઈને લડતા દેખાય... ત્યાં તે વખતે ખરેખર જ્ઞાની પોતાના જ્ઞાનભાવરૂપે જ પરિણમતો થકો તન્મયપણે તેને જ કરે છે, તે વખતના ક્રોધાદિનું કે કંપનનું કર્તાપણું તેના જ્ઞાનમાં નથી, તે તલવારનું નિમિત્તકર્તાપણું પણ તેના જ્ઞાનમાં નથી. તે જ વખતે અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને, અજ્ઞાનથી ક્ષણિકક્રોધાદિભાવોને તન્મયપણે કરે છે, ને તલવારની ક્રિયામાં તેને નિમિત્તકર્તાપણું છે. જુઓ, બહારમાં સરખું લાગે પણ જ્ઞાની ને અજ્ઞાનીના અંતરમાં કેટલો તફાવત છે !

જ્ઞાની તો તે જ સમયે પોતાના જ્ઞાનસ્વભાવને તલવારથી ને ક્રોધાદિથી અત્યંત જુદો અનુભવતો થકો મોક્ષમાર્ગમાં ચાલી રહ્યો છે; ને અજ્ઞાની તો તે વખતે પોતાને

> જ્યાં ગર્જતા પ્રબળ ઘનના ઓઘથી ભ્રમ ભીમ;
> વિદ્યુત્ ત્રુટ મુસલ સમ જ્યાં ઘોર ધારા અસીમ;
>
> કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર

ક્રોધરૂપે જ તથા તલવારના કર્તારૂપે જ અનુભવતો થકો, અજ્ઞાનભાવને જ કરતો થકો સંસારમાર્ગમાં જ ઊભો છે. જ્ઞાનભાવ અને અજ્ઞાનભાવની ભિન્નતાને જ્ઞાની જ ઓળખે છે, તે જ્ઞાની રાગાદિ અજ્ઞાનભાવોનો કર્તા થતો નથી કે પરનો નિમિત્તકર્તા પણ તે નથી.

(સમયસાર ગાથા ૧૦૩ ઉપર પ્રવચન)

## સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા

પરમાણુ કે પરમાત્મા, અજ્ઞાની કે કેવળજ્ઞાની, સૌ પોતપોતાના નિજભાવમાં પોતાના સ્વભાવથી અનાદિ અનંત વર્તી રહ્યા છે. અરે જીવ! જગતથી ભિન્ન તારા સ્વભાવને એકવાર લક્ષમાં તો લે. તો તારી પરિણતિ અંતરમાં વાળતાં તને તારા પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થશે. જુઓ, આ સમ્યગ્દર્શનની રીત! ઓહો, અંતરના વસ્તુસ્વભાવને જ્યાં સમ્યગ્દર્શન વડે પ્રતીતમાં લીધો ત્યાં અપૂર્વ ધર્મ શરૂ થયો. આજે આઠ કુમારી બહેનો બ્રહ્મચર્ય અંગીકાર કરે છે તે પ્રસંગે આ ઉત્તમ ગાથા આવી છે.

(ભાદરવા સુદ એકમના રોજ આઠ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી તે પ્રસંગે સમયસાર ગાથા ૧૦૩ ઉપર સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા કરીને સ્વસન્મુખ થવા પ્રેરતું પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ સમયસારશાસ્ત્ર વંચાય છે, તેમાં ૧૦૩મી ગાથા ઘણી ઊંચી છે. આ દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ અંતરમાં છે, તે ચૈતન્યશક્તિમાં સર્વજ્ઞપદ ને પૂર્ણાનંદ સ્વભાવ ભર્યો છે. તેનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું–તે પ્રથમ ધર્મ છે; ને પછી તેના અનુભવમાં લીન થતાં પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ ખીલી જાય તેનું નામ અરિહંતપદ છે. આવી ઓળખાણ સહિત 'નમો અરિહંતાણમ્' કરે તો સાચા નમસ્કાર કહેવાય.

અનાદિથી આત્મા પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. જેવા ભગવાન અર્હંત પરમાત્મા છે તેવું પોતાનું સ્વરૂપ છે. ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું કે અરે આત્માઓ! તમારો સ્વભાવ અમારા જેવો જ છે, ને જે મોહ-રાગાદિ ભાવો છે તે આત્માના 'અરિ' એટલે દુશ્મન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે તે અરિનો નાશ કરીને આત્મા અરિહંત થાય છે, આવા અરિહંત પરમાત્મા અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજી રહ્યા છે....સમવસરણમાં ગણધરાદિ સંતોના ટોળા બિરાજે છે ને દિવ્યધ્વનિના ધોધ છૂટે છે. તેમાંથી ઝીલીને કુંદકુંદાચાર્યદેવે આ સમયસારાદિ શાસ્ત્રો રચ્યાં છે. તેમાં કહે છે કે– આત્મા અને પુદ્‌ગલ ભિન્નભિન્ન છે; બંનેના ભાવો ભિન્ન છે; કોઈના ભાવને બીજો કરી શકતો નથી. (ક્રમશઃ) ❋

દૈત્યે એવું જ દુસ્તર–વારિ અરે ! મુક્ત કીધું,
તેનું તેથી જ દુસ્તર–વારિ થયું કાર્ય સીધું. ૩૨.




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૯, મંગળવાર) વ્યાખ્યાન નં. ૨૬ (ગાથા ૩૯)

૩૮ મી ગાથામાં જે શુદ્ધજીવતત્ત્વનું સ્વરૂપ જણાવ્યું તે જ અત્યંત આસન્નભવ્ય જીવોને ઉપાદેય છે. આ આત્મા સહજ પરમપારિણામિકભાવસ્વરૂપ શુદ્ધકારણપરમાત્મા છે—એમ જણાવ્યું. હવેની ગાથાઓમાં, કયા કયા ભાવો આત્માના સ્વરૂપમાં નથી—એમ નાસ્તિરૂપ કથનદ્વારા નિર્વિકલ્પ આત્મસ્વરૂપ બતાવે છે. જે જે ભાવો શુદ્ધ આત્મસ્વરૂપમાં નથી તે બધા ભાવો હેય છે, ને તે બધા ભાવો રહિત જે નિર્વિકલ્પતત્ત્વરૂપ પરમપારિણામિકસ્વભાવ છે તે જ ઉપાદેય છે—એમ સમજવું.

આ નિર્વિકલ્પ તત્ત્વસ્વરૂપનું વર્ણન છે—

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा॥३९॥**

**न खलु स्वभावस्थानानि न मानापमानभावस्थानानि वा।**
**न हर्षभावस्थानानि न जीवस्याहर्षस्थानानि वा॥३९॥**

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

અર્થ :—આ શુદ્ધ જીવતત્ત્વને ખરેખર કોઈ સ્વભાવસ્થાનો નથી, માન-અપમાનભાવનાં સ્થાનો નથી, અહર્ષભાવનાં સ્થાનો નથી તેમ જ હર્ષનાં સ્થાનો નથી.

આ ગાથામાં કહ્યું કે જીવને સ્વભાવસ્થાનો નથી. અહીં, સ્વભાવસ્થાનો કહેતાં વિભાવરૂપ સ્વભાવ સમજવો. ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ચારે ભાવો વિભાવરૂપ સ્વભાવ છે. તે ચારે ભાવો જીવની અવસ્થા છે તેથી તેને સ્વભાવ કહ્યો. પણ તે કોઈ ભાવો જીવનું મૂળસ્વરૂપ નથી માટે તેને વિભાવ કહ્યો; એ રીતે જીવને વિભાવરૂપ સ્વભાવસ્થાનો નથી. જીવ તો એક સહજ નિરપેક્ષ પારિણામિકસ્વભાવરૂપ, સર્વ અપેક્ષાઓ રહિત નિર્વિકલ્પ તત્ત્વ છે. 'હું શુદ્ધ છું, હું નિરપેક્ષ છું' એવા વિકલ્પદ્વારા

**છૂટા કેશોથી વિકૃતિરૂપી જે ધરે મુંડમાલા,**
**ને જેના રે ! ભયદ મુખથી નીકળે અગ્નિજ્વાળા;**

જીવતત્ત્વ જણાતું નથી. વળી જીવને કોઈ માન કે અપમાનભાવના સ્થાનો નથી. સિદ્ધપર્યાયથી માન કે અધૂરા પર્યાયથી અપમાન તે જીવના સ્વરૂપમાં નથી. અધૂરા પર્યાય વખતે પણ શુદ્ધ જીવતત્ત્વ એકરૂપ પરિપૂર્ણ છે, ને પૂરા પર્યાય વખતે પણ તે જ છે. એ રીતે ત્રિકાળી એકરૂપ આત્મતત્ત્વમાં માન-અપમાનનું સ્થાન નથી. ક્ષણિક પર્યાયને લક્ષમાં લેતાં જે માન-અપમાનના વિકલ્પો ઉઠે તે જીવસ્વરૂપમાં નથી. જીવતત્ત્વ તે માન-અપમાનના વિકલ્પરૂપ નથી.

વળી શોક કે હર્ષના સ્થાનો પણ જીવતત્ત્વમાં નથી. જ્યારે જુઓ ત્યારે એક પરિપૂર્ણસ્વરૂપી જીવતત્ત્વ છે; તેમાં હર્ષ કે શોકનું સ્થાન નથી. જો એકરૂપ સ્વભાવની દૃષ્ટિ છોડીને પર્યાય જેટલો જ આત્મા માને તો હર્ષ કે શોક થાય. જ્ઞાની તો એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી, હર્ષ કે શોક ભાવના સ્થાનરહિત જીવતત્ત્વને અનુભવે છે.

અહીં નાસ્તિના કથનદ્વારા સમજાવ્યું છે. 'હું માન-અપમાન રહિત છું' એવા વિકલ્પથી પણ શુદ્ધ જીવતત્ત્વ તો પાર છે. શુદ્ધ જીવતત્ત્વનું સ્વરૂપ શું છે તે જાણે અને કયા કયા ભાવો શુદ્ધ જીવતત્ત્વ નથી—એમ જાણે તો શુદ્ધ જીવતત્ત્વનો આદર કરીને વિકારનો નાશ કરે. જીવ એક ત્રિકાળી સ્વતંત્ર તત્ત્વ છે, તેનું મૂળસ્વરૂપ કદી નાશ પામે નહિ. જેમ સોનું તાંબાથી જુદું જ છે, તેમાં કારીગરી ન હોય કે હોય પણ સોનાનું મૂળસ્વરૂપ તો નાશ થતું નથી. સોનું મટીને તાંબારૂપે થઈ જતું નથી. તેમ આત્માનું મૂળસ્વરૂપ દરેક સમયે એકસરખું છે, કદી પોતાનું મૂળસ્વરૂપ છોડીને વિકારરૂપે તે થઈ જતો નથી. જો પોતાનું મૂળસ્વરૂપ જાણે તો તેનાથી વિરુદ્ધ ભાવોની શ્રદ્ધા અને આદર છોડે. જેને પોતાનું માને તેને જુદા કરવાનો ભાવ આવે નહિ, પણ જેને પોતાથી જુદું જાણે તેને જુદા કરવાનો ભાવ આવે. તેમ આત્મા કેવા ભાવે છે અને કયા કયા ભાવો આત્મસ્વરૂપ નથી—એ જાણ્યા વિના, રાખવું કોને અને છોડવું કોને ? તે સમજાય નહિ.

આચાર્યદેવ આ ગાથામાં કહે છે કે ઉદયાદિ વિભાવસ્વભાવો છે તે આત્માનું સ્વરૂપ નથી. ઉદય-ઉપશમાદિ ભાવો થાય છે તો આત્માના પર્યાયમાં, પણ તેઓ પરની અપેક્ષાવાળા હોવાથી વિભાવરૂપ છે; તે વિભાવરૂપ સ્વભાવો શુદ્ધ જીવતત્ત્વ નથી. ૩૮ મી ગાથામાં આ વાત વિસ્તારથી આવી ગઈ છે.

વળી શુદ્ધ જીવમાં માન-અપમાનભાવસ્થાનો નથી. અહીં ત્રિકાળી સ્વભાવની વાત છે. અહો, જે માન-અપમાનના ભાવો રહિત પોતાના આત્મસ્વરૂપને ઉપાદેય સમજે તે

**વિકૃર્વ્યો જે પ્રભુ ! તમ પ્રતિ એહવો પ્રેતવૃંદ,**
**તે તો તેને ભવભવ થયો સંસૃતિ દુઃખકંદ. ૩૩.**

જીવને પર્યાયમાં પણ માન-અપમાનભાવો પ્રત્યે કેટલી ઉદાસીનતા વર્તતી હોય! જેને પોતાના આત્મહિતની દરકાર હોય તે જીવ જગતના લોકોથી પોતાના માન-અપમાનને જુએ નહિ; જગતના લોકો મને શું કહેશે—એની દરકાર તેને હોય નહિ. અહો, કોનાં માન ને કોનાં અપમાન? પોતાના ત્રિકાળ સ્વભાવનું જ બહુમાન કરીને કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટે એના જેવું માન કયું? અને સ્વભાવનો વિરોધ કરીને નીચ ગતિમાં જાય એના જેવું અપમાન કયું? જે જીવના સંબંધમાં શ્રીતીર્થંકરદેવના મુખથી કે સંતોના મુખથી એમ આવ્યું કે 'આ જીવ ભવ્ય છે, આ જીવ પાત્ર છે, આ જીવ મોક્ષગામી છે,' તો એના જેવું માન જગતમાં બીજું કોઈ નથી; અને જે જીવના સંબંધમાં એમ આવ્યું કે 'આ જીવ અપાત્ર છે, આ જીવ અભવ્ય છે' તો એના જેવું અપમાન ત્રણ જગતમાં કોઈ નથી. ભગવાનની દિવ્યવાણીમાં જે જીવનો સ્વીકાર થયો તેને જગતના લોકોના માનની જરૂર નથી; અને ભગવાનની વાણીમાં જેનો નકાર થયો તે જીવને જગતના અપમાનની શું જરૂર છે? અર્થાત્ જગતના લોકો ભલે તેને માન આપતા હોય પણ પરમાર્થમાં તો તે અપમાનિત જ છે. ખરેખર કોઈ બીજો પોતાનું માન કે અપમાન કરી શકતો નથી. જે જીવે પોતાના પવિત્ર સ્વભાવનો આદર કરીને સમ્યગ્દર્શનાદિ પવિત્ર ગુણો પ્રગટ કર્યા તે જીવે પોતાનું સાચું બહુમાન કર્યું છે, ને ભગવાનની વાણીમાં પણ તેનો સ્વીકાર છે. અને જે જીવે પોતાના પવિત્ર સ્વભાવનો અનાદર કરીને, ક્ષણિક માન-અપમાનના વિકારીભાવોને પોતાનું સ્વરૂપ માન્યું તે જીવે પોતે જ પોતાનું અપમાન કર્યું છે, મિથ્યાત્વને લીધે તે જીવ અનંત સંસારમાં રખડે છે.

ક્ષણિક હર્ષ-શોકના વિકારભાવો થાય તે આત્માના સ્વરૂપમાં નથી. શુદ્ધ જીવતત્ત્વમાં હર્ષ-શોકના ભાવોનું સ્થાન જ નથી. હર્ષ અને શોકના ભાવોથી પાર જે કોઈ સહજ તત્ત્વ છે તે જ શુદ્ધ જીવતત્ત્વ છે. એવા જીવતત્ત્વની ઓળખાણ તે ધર્મ છે. એ શુદ્ધ જીવતત્ત્વને ઓળખીને તેને જ ઉપાદેય માનવું તે સમ્યગ્દર્શનરૂપ ધર્મ છે. અને એવા જીવતત્ત્વમાં લીન થવું તે સમ્યક્ચારિત્રરૂપ ધર્મ છે. આવું શુદ્ધ જીવતત્ત્વ નિકટભવ્યજીવોને સર્વ પ્રકારે ઉપાદેય છે. (ક્રમશઃ) ❊

---

● સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવાયોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ-વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

---

છે ધન્ય તે જ અવનીમહિં જેહ પ્રાણી,
ત્રિસંધ્ય તેજ પદ ભુવનનાથ નાણી!



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, સર્વથા એકરૂપ માનવામાં દૂષણ દર્શાવે છે :—

**अहवा बंभसरूवं एक्कं सव्वं पि मण्णदे जदि हि।**
**चंडालबंभणाणं तो ण विसेसो हवे कोवि ॥२३४॥**

અર્થ :—જો સર્વથા એક જ વસ્તુ માની બધુંય બ્રહ્મનું સ્વરૂપ માનીએ તો બ્રાહ્મણ અને ચાંડાલનો કાંઈ પણ ભેદ રહેતો નથી.

જગતમાં દરેક પદાર્થ ભિન્ન-ભિન્ન છે, તેમને સર્વથા એકરૂપ માનવાથી આવતા દૂષણ આ ગાથામાં બતાવે છે.

જગતમાં અનંત પદાર્થ છે, તે બધા સ્વતઃસિદ્ધ સ્વતંત્ર છે. કોઈને કોઈનો આધાર નથી. આત્મા, જ્ઞાન અને રાગને કરે છે પરંતુ શરીરાદિ પરનું કામ નથી કરતો. જો આત્મા પરનું કામ કરે તો તે પરથી ભિન્ન નહીં રહે, પણ પરની સાથે એકમેક થઈ જશે. એટલે કે વેદાંતની જેમ સર્વથા અદ્વૈત થઈ જશે અને આનાથી મોટો દોષ લાગશે.

આત્મા ભાષા બોલે છે, આત્મા જમે છે, આત્મા શરીરને ચલાવે છે—આમ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. જેમ વેદાંતદર્શન બધા મળીને એક અદ્વૈત બ્રહ્મ માને છે, તેમ આણે પણ આત્માને અને પરને એકમેક માન્યા, માટે તે પણ વેદાંતની જેમ જ થયો. જીવ રાગ કરે છે પણ પરનું કાર્ય કરતો નથી. દરેક દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે, પદાર્થ સ્વથી છે અને પરથી નથી—એમ અનેકાંતસ્વરૂપ છે. જો બધા મળીને એક જ અદ્વૈત હોય તો બ્રાહ્મણ અને ચાંડાળની વચ્ચે કોઈ ભેદ રહેશે નહીં. આ બ્રાહ્મણ છે, આ ચાંડાળ છે, આ પુરુષ છે, આ સ્ત્રી છે—એવા ભેદ અદ્વૈત બ્રહ્મમાં ક્યા પ્રકારે થઈ શકે છે ? આ ભેદ તો પ્રત્યક્ષ જગતમાં દેખાય છે, માટે દરેકનો આત્મા અલગ-અલગ છે અને શરીર પણ અલગ-અલગ છે.

દરેક તત્ત્વ અલગ-અલગ છે—એમ કહે અને પાછો એક તત્ત્વ બીજા તત્ત્વનું કાર્ય કરે—એમ પણ માને તો તેણે હકીકતમાં તત્ત્વને અલગ-અલગ માન્યા નથી પરંતુ

**આરાધતા વિધિથી કાર્ય બીજા ફગાવી,**
**રોમાંચ ભક્તિ થકી અંગ મહિં ધરાવી. ૩૪.**

વેદાંતની જેમ બધાને એકમેક માન્યા છે. મારું શરીર, મારા કપડા—એમ ભાષામાં બોલાય છે પણ હકીકતમાં એમ છે નહીં. આત્માએ શરીરમાં કે વસ્ત્રોમાં પ્રવેશ કર્યો નથી. આત્મા, આત્મામાં છે અને શરીર શરીરમાં છે. રાજાનો આત્મા અલગ છે અને પ્રજાનો આત્મા અલગ છે. ભગવાનનો આત્મ અલગ છે અને આ આત્મા અલગ છે. આ પ્રમાણે દરેક તત્ત્વ અલગ-અલગ છે. બે તત્ત્વ કદાપિ એકમેક નથી થતા.

જો બધા તત્ત્વ એક જ હોય તો ભૂલ શા માટે થાય છે ? માટે પરલક્ષ વિના એકમાં ભૂલ થઈ શકતી નથી. જુઓ, ભિન્ન-ભિન્ન માન્યા વિના સ્વભાવ સન્મુખ વળાતું નથી અને સ્વભાવ સન્મુખ થયા વગર વીતરાગતા થતી નથી. કોઈ કહે કે ભલે બધા મળીને એક માને પરંતુ પ્રયોજન તો વીતરાગભાવ કરવાનો જ છે ને ? પણ ભાઈ ! જેણે પરની સાથે એકતા માની છે, તેને પરનું અભિમાન નહીં ટળે અને સ્વભાવસન્મુખ નહીં થાય. પરથી ભિન્નપણું જાણ્યા વિના, પરલક્ષ્યનો ત્યાગ કર્યા વિના સ્વભાવસન્મુખ કેવી રીતે થશે ? અને સ્વભાવ સન્મુખ થયા વગર વીતરાગતા નહીં થાય. આત્મા પરનો કર્તા છે—એમ માનવું મિથ્યાત્વ છે. જો આત્મા ભાષા બોલે તો ભાષાથી આત્મા અલગ નથી થઈ શકતો માટે આત્મા જડ થઈ જશે અને જો બધા તત્ત્વ ભિન્ન-ભિન્ન હોય તો તું પરનું શું કરી શકીશ ?

'બધા મળીને એક જ તત્ત્વ છે પરંતુ અજ્ઞાનથી અલગ જાણવામાં આવે છે'—એમ જો કોઈ કહે તો તેને પૂછીએ કે તે અજ્ઞાન ક્યાંથી આવ્યું ? એકલા બ્રહ્મમાં અજ્ઞાન નથી હોતું અને અજ્ઞાન છે—એમ કહે તો બે વસ્તુઓ સિદ્ધ થઈ ગઈ. આ પ્રમાણે કોઈ જૈનમતાવલંબી કહે કે આત્મા અને પરવસ્તુઓ ભિન્ન-ભિન્ન છે પરંતુ વ્યવહારથી આત્મા પરનો કર્તા છે, તો તેને પૂછીએ છીએ કે તે વ્યવહાર ક્યાંથી આવ્યો ? વ્યવહાર તો વિકલ્પ છે, તે વિકલ્પ તો આત્માનો છે, જડમાં તો વિકલ્પ હોતા નથી, માટે આત્મા પોતામાં વ્યવહારનો વિકલ્પ કરે છે પરંતુ આત્મા પરનું કાર્ય વ્યવહારથી પણ નથી કરતો. આ પ્રમાણે દરેક તત્ત્વ ભિન્ન-ભિન્ન છે, તેમાં કોઈ કોઈનું કાંઈ કરતું નથી. દરેક વસ્તુ સ્વરૂપથી છે અને પરરૂપથી નથી અથવા દરેક પદાર્થ વસ્તુરૂપથી એક છે અને ગુણ-પર્યાયોથી અનેક છે—એમ અનેકાંતસ્વરૂપ છે—એમ સમજવું જોઈએ.

હવે, તત્ત્વને અણુમાત્ર માનવામાં દૂષણ દર્શાવે છે :—

**માનું અપાર ભવસાગરમાં જિનેશ !**
**તું કર્ણગોચર મને ન થયો જ લેશ;**

**अणुपरिमाणं तच्चं अंसविहीणं च मण्णदे जदि हि ।**
**तो संबंधाभावो तत्तो वि ण कज्जसंसिद्धि ॥२३५॥**

અર્થ :—જો એક વસ્તુ સર્વગત-વ્યાપક ન માનવામાં આવે પણ અંશરહિત, અણુપરિમાણ તત્ત્વ માનવામાં આવે તો બે અંશના તથા પૂર્વ-ઉત્તર અંશના સંબંધના અભાવથી એવી અણુમાત્ર વસ્તુથી કાર્યની સિદ્ધિ થતી નથી.

ભાવાર્થ :—નિરંશ, ક્ષણિક અને નિરન્વયી વસ્તુમાં અર્થક્રિયા થાય નહિ; માટે વસ્તુને કથંચિત્ અંશસહિત, નિત્ય તથા અન્વયી માનવી યોગ્ય છે.

હવે, કોઈ કહે કે આત્મા અણુમાત્ર જ છે, તો તેમાં દોષ બતાવે છે.

આત્મા સર્વ પદાર્થોમાં વ્યાપક છે, આ વાતનો તો પહેલા નિષેધ કરી દીધો છે. હવે, આત્મા સર્વથા અણુમાત્ર જ નથી—એમ કહે છે. જો આત્મા પોતાની બધી પર્યાયોમાં ફેલાયેલો ન હોય એટલે કે અન્વયરૂપથી વ્યાપેલો ન હોય તો પૂર્વ-ઉત્તર અંશ વિના વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી. એક ક્ષણિક વિચાર આવ્યો, તે અંશ છે; તે અંશ જેટલો જ આત્મા હોય તો તે વિચારનો અભાવ થઈને બીજો વિચાર કે અંશ પ્રગટ થઈ શકશે નહીં. માટે નક્કી છે કે આત્મા એક સમયની પર્યાયના અંશ જેટલો જ નહીં, પણ આત્મા તો ત્રણકાળની પર્યાયોમાં સર્વવ્યાપક છે. ક્ષેત્રથી સર્વવ્યાપક નથી, પણ પોતાના ભાવોમાં સર્વવ્યાપક છે.

આત્મા પરમાં વ્યાપક નથી, પોતાનામાં વ્યાપક છે—આ અનેકાંત છે. આત્મા પરથી ભિન્ન રહીને પોતાની સમસ્ત પર્યાયોમાં વ્યાપે છે. જો સર્વ અવસ્થાઓમાં આત્માને વ્યાપક ન માનવામાં આવે તો પૂર્વ અને ઉત્તર અવસ્થાઓનો કોઈ મેળ જ નહીં રહેશે. માટે પહેલી પર્યાયમાં જે આત્મા વ્યાપક છે, તે બીજી પર્યાયમાં પણ વ્યાપક છે. પર્યાય અલગ-અલગ હોય છે પરંતુ તેમાં વ્યાપક દ્રવ્ય એક જ છે. રાગપર્યાયમાં અથવા વીતરાગપર્યાયમાં બધામાં આત્મા અન્વય રહેવાવાળો છે. જો આત્મા અન્વયરૂપથી પોતાની સમસ્ત પર્યાયોમાં વ્યાપક ન હોય પણ એક પર્યાય જેટલો જ અંશમાત્ર હોય તો તે નિરંશ ક્ષણિક અને નિરન્વય થઈ જશે—એવી વસ્તુમાં કોઈ કાર્ય નહીં થઈ શકે, આ દોષ લાગશે.

જો માટી સર્વથા પીંડ અવસ્થા જેટલી જ હોય તો તે ઘડારૂપ નહીં થઈ શકે. ઘડો

સુણ્યા પછી તુજ સુનામ પુનિત મંત્ર,
આવે કને વિપદ-નાગણ શું ? ભદંત ! ૩૫.

અંશ અને પીંડ અંશ આ બંને અંશોમાં માટી વ્યાપક છે; આ પ્રમાણે રાગ અથવા વીતરાગ અવસ્થા; અલ્પજ્ઞદશા અથવા સર્વજ્ઞદશા, આ બધા જ અંશોમાં અન્વયરૂપથી આત્મા વ્યાપક છે. જો એમ ન હોય તો આત્મા, રાગ અવસ્થા જેટલો જ થશે તો તે અંશમાત્ર જ સિદ્ધ થશે અને રાગ અંશ પલટીને વીતરાગ અંશ નહીં થઈ શકે; અલ્પજ્ઞતા મટીને સર્વજ્ઞતા નહીં થઈ શકે; માટે વસ્તુ સર્વથા અંશમાત્ર નથી, પણ પૂર્વ-ઉત્તરના સમસ્ત અંશોમાં વસ્તુ વ્યાપક છે અર્થાત્ અંશો સહિત નિત્ય છે અને બધી જ પર્યાયોમાં અન્વય રહેવાવાળી છે.

પ્રથમ પર્યાયમાં એક આત્મા અને બીજી પર્યાયમાં બીજો આત્મા—એમ નથી પરંતુ બધી પર્યાયોમાં એક જ આત્મા અન્વય છે. જેમ, દૂધ મટીને દહીં થયું, ત્યાં બંને પર્યાયોના પરમાણુઓ અન્વય રહે છે. દૂધના પરમાણુઓનો નાશ થઈને દહીના પરમાણુ નવા નથી આવતા; આ પ્રમાણે રાગપર્યાય પલટીને વીતરાગપર્યાય થઈ, તે બધી પર્યાયોમાં આત્મા અન્વયરૂપ વ્યાપક છે. જો સર્વથા અંશમાત્ર જ વસ્તુ હોય તો પર્યાયનો નાશ થવાથી વસ્તુનો જ સર્વથા નાશ થઈ જશે પણ એમ નથી. દ્રવ્ય ત્રણેકાળની પર્યાયોમાં અન્વય રહેવાવાળો છે.

જુઓ, પોતાની બધી પર્યાયોમાં આત્મા સ્વયં વ્યાપક છે. વિકારી પર્યાયમાં પણ આત્મા છે અને નિર્વિકારીપર્યાયમાં પણ આત્મા છે; માટે વિકારી પર્યાય કર્મે કરાવી છે—એમ નથી.


દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તો કહેવામાં આવે છે કે આત્મામાં વિકાર છે જ નહીં; વિકાર પુદ્ગલનું કાર્ય છે પરંતુ એવી દ્રવ્યદૃષ્ટિ કોને હોય છે ? જેને પર્યાયની સ્વતંત્રતાનું ભાન હોય તેને આવી દૃષ્ટિ હોય છે. હવે જે જીવ, પર્યાયને સ્વાધીન નથી જાણતો, તેને ત્રણકાળની પર્યાયોના પિંડરૂપ દ્રવ્યની દૃષ્ટિ નથી રહેતી. પર્યાયમાં વિકાર છે, તે કર્મે કરાવ્યો નથી પણ મારા અપરાધથી થયો છે. આ પ્રમાણે જે જીવ, અંશની સ્વતંત્રતા જાણે છે અને તે અંશ જેટલો જ મારો ત્રિકાળસ્વભાવ નથી—એમ જાણે છે, તેને દ્રવ્યદૃષ્ટિ થાય છે. પરંતુ કર્મ જ વિકાર કરાવે છે—એમ જેણે માન્યું તેને પર્યાયનું પણ ભાન નથી અને તેને દ્રવ્યદૃષ્ટિ પણ થતી નથી.

જો પદાર્થ નિરંશ હો અર્થાત્ એક પર્યાયમાત્ર જ હોય, ક્ષણિક હોય અને નિરન્વય અર્થાત્ અન્વય રહિત હોય તો વસ્તુમાં પ્રયોજનભૂત પ્રવૃત્તિ થઈ શકતી નથી; માટે વસ્તુ જ સિદ્ધ થઈ શકતી નથી. માટે પૂર્વ-ઉત્તર અનેક પર્યાયોમાં વ્યાપક નિત્ય અન્વય વસ્તુ છે—એમ જાણવું જોઈએ. (ક્રમશઃ) ❋




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા - ૨-૩)



# તારા કલ્યાણ માટે ભાવશ્રવણ કર...ને તારી ભૂલ છોડ

ताहि सुनो भवि मन थिर आन, जो चाहो अपनो कल्याण ।
मोह-महामद पियो अनादि, भूल आपको भरमत वादि ।।२।।

એકેન્દ્રિય જીવો પણ પોતાના જ ભાવકલંકની પ્રચૂરતારૂપ મોહથી નિગોદના દુઃખમાં પડ્યા છે. ગોમ્મટસારજીમાં પણ એમ કહ્યું છે : 'भावकलंकसुप्रचुरा निगोदवासं न मुंचति' (જીવકાંડ ગા. ૧૯૬) આત્મા પોતે આનંદમૂર્તિ છે, તે નિજસ્વરૂપને ભૂલ્યો તેથી દુઃખી થયો. અહીં તો હવે એ દુઃખથી છૂટીને સુખી કેમ થવાય તેનો ઉપદેશ છે. સુખી થવા માટે હે જીવ! તું તારું સ્વરૂપ સમજ. એવી સમજણનો આ ઉત્તમ અવસર આવ્યો છે.

મૂઢ માણસ દારૂના ઘેનમાં જ્યાં ત્યાં બેભાનપણે પડ્યો હોય ને મોઢામાં કૂતરું પેશાબ કરી જાય, છતાં એમ માને કે હું મીઠું દૂધ પીઉં છું.—અરે કેવો મોહ છે! તેમ મિથ્યાત્વરૂપી દારૂ પીને મોહી જીવ શરીર-સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે પરદ્રવ્યને પોતાનું માનતો થકો તેમાં રાગ કરીને રાજી થાય છે; ત્યાં તે વેદે છે તો રાગની આકુળતા, પણ મોહને લીધે માને છે કે હું સુખને અનુભવું છું. આવો મોહ નિરર્થક છે. વૃથા છે; તે મોહથી જીવ મહા દુઃખી થઈને ચારગતિમાં રખડે છે. ભાઈ, હવે એ રખડવાનું બંધ કરવા માટે શ્રીગુરુનો આ ઉપદેશ ધ્યાન દઈને સાંભળ.

જે મોક્ષાર્થી હોય, ભવથી થાક્યો હોય એવા જીવને શ્રીગુરુ મોક્ષનો સંદેશ સંભળાવે છે. ભાઈ, મિથ્યાત્વને લીધે તું કેવા કેવા આકરા દુઃખો ચાર ગતિમાં પામ્યો, તે જાણીને મોહને હવે તો છોડ..છોડ! અરે, દુઃખના દરિયામાં તું મોહથી ગોથાં ખાઈ રહ્યો છે, હજારો પ્રકારનાં શારીરિક ને માનસિક દુઃખો તું વેદી રહ્યો છે; એમાંથી કેમ છૂટાય તેની આ વાત છે.

જીવ પોતાને ભૂલીને ભમે છે. ચારે ગતિમાં પોતાના પરમેશ્વરને ભેગો ને ભેગો રાખીને ભમે છે, પણ અંતરમાં પોતે પરમેશ્વરસ્વરૂપે બિરાજી રહ્યો છે તેને દેખતો નથી.

જન્માંતરેય જિન ! વાંછિત દાનદક્ષ,
પૂજ્યા ન મેં તુજ પદોરૂપ કલ્પવૃક્ષ;

સંયોગોથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા હું છું એમ ન જાણતાં, દેહ અને સંયોગો તે જ હું એમ માનીને, અનુકૂળ–પ્રતિકૂળ સંયોગમાં જ મોહ્યો છે. જેમ દારૂડિયાનો કોઈ મેળ નથી કે ક્યારે ક્યાં જઈને પડશે?–વિષ્ટામાંય જઈને પડે ને પાછો તેમાં સુખ માને, તેમ અજ્ઞાની–મોહી જીવનો મેળ નથી કે કઈ ગતિમાં ક્યાં જઈને પડશે? જ્યાં–ત્યાં ચારે ગતિમાં રખડે છે, ક્યારેક પુણ્યથી સ્વર્ગમાં ને ક્યારેક પાપથી નરકમાં, ક્યારેક મનુષ્ય તો ક્યારેક ઢોર,–એમ મોહ વડે પોતે પોતાને ભૂલીને સંસારમાં રખડી રહ્યો છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા (જે મિથ્યાદૃષ્ટિ હોય તે) બધા મોહને વશ દુઃખી છે; જ્યાં સુખ નથી ત્યાં ભ્રમણાથી સુખ માનીને ભટકી રહ્યા છે, ને જ્યાં સુખ છે તેને જાણતા નથી.

આવા અજ્ઞાનથી જીવ ક્યાં ક્યાં ભમ્યો ને તેણે કેવા કેવા દુઃખ સહ્યાં–તે હવે કહેશે.

## ભવભ્રમણના મહાન દુઃખોની કથા

અનાદિકાળના અજ્ઞાનથી સંસારમાં ભમી રહેલા જીવના દુઃખોની કથા તો બહુ મોટી છે; અરે, એ અનંત અપાર દુઃખોનું વર્ણન કેમ થાય? પણ પૂર્વાચાર્યોએ તેનું જે વર્ણન કર્યું છે તે અનુસાર અહીં થોડુંક કહીએ છીએ.—

(ગાથા–૩)

तास भ्रमनकी है बहु कथा, पै कछु कहूँ कही मुनि यथा।
काल अनन्त निगोद मँझार, बीत्यो एकेन्द्री तन धार ।।३।।

પ્રથમ તો પૂર્વાચાર્યોનો વિનય અને ગ્રંથની પ્રામાણિકતા દર્શાવતાં કહે છે કે હું કાંઈ નવું નથી કહેતો પણ પૂર્વે થઈ ગયેલા કુંદકુંદસ્વામી, કાર્તિકસ્વામી વગેરે મુનિવરોએ શાસ્ત્રોમાં જે કહ્યું છે તેને અનુસરીને જ હું થોડુંક કહીશ. કાર્તિકસ્વામીએ વૈરાગ્ય-અનુપ્રેક્ષામાં ત્રીજી તથા અગિયારમી અનુપ્રેક્ષામાં જે વર્ણન કર્યું છે તે જ શૈલિથી આમાં કથન છે. જીવના પરિભ્રમણની ને તેના દુઃખની કથા તો અપાર છે, એ દુઃખો તો એણે વેદ્યા ને ભગવાને જાણ્યા. એ અપાર દુઃખનું વાણીથી તો કેટલું વર્ણન થાય? છતાં મુનિઓએ શાસ્ત્રોમાં જે વર્ણન કર્યું છે તે પ્રમાણે હું થોડું કહીશ; —ભલે થોડું કહીશ પણ યથાર્થ કહીશ.

ભાઈ, આત્માને ઓળખ્યા વગર તું બહું ભટક્યો...ને ઘણાં દુઃખ પામ્યો. એટલા

આ જન્મમાં હૃદયમંથિ પરાભવોનો,
નિવાસ હું થઈ પડ્યો ઇશ મુનિઓના! ૩૬.

દુઃખ પામ્યો કે વચનથી કહ્યા ન જાય. અનંત કાળ તો નિગોદમાં એકેન્દ્રિયપણે વીતાવ્યો. એ દુઃખની શી વાત! એકકોર સિદ્ધનું સુખ ને એની સામે નિગોદનું દુઃખ,—બેય વચનાતીત છે. સાતમી નરક કરતાંય નિગોદના દુઃખો અનંતગુણા છે. ભાઈ, આવું મોટું દુઃખ છે તો તારી ભૂલ પણ મોટી છે, માટે તેને ટાળવાનો મોટો પુરુષાર્થ કર...એ માટે આ ઉપદેશ છે.

સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર તે જ દુઃખથી છૂટવાનો ને સુખી થવાનો ઉપાય છે. પણ તે મહા દુર્લભ છે, અતિ દુર્લભ છે. અનંતકાળે નિગોદમાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ, ત્રસમાંય પંચેન્દ્રિયપણું દુર્લભ, તેમાં સંજ્ઞીપણું દુર્લભ, સંજ્ઞી થાય તો તેમાં ઘણા ક્રૂર તિર્યંચ કે નરકમાં જાય, તેમાં મનુષ્યપણું મળવું દુર્લભ, તેમાં આર્યક્ષેત્ર ને ઉત્તમ જૈનકુળ મળવું દુર્લભ, તેમાં દીર્ઘ આયુ, ઇંદ્રિયાદિની પૂર્ણતા અને સાચા દેવ—ગુરુનો સંગ મળવો દુર્લભ;—આટલું મળવા છતાં અંદરમાં આત્માની રુચિ અને સમ્યગ્દર્શન પ્રગટ કરવા તે દુર્લભ છે, ને તેમાંય રત્નત્રય તથા તેની અખંડ આરાધના એ સૌથી દુર્લભ છે. બધા દુર્લભમાં દુર્લભ એવા આ રત્નત્રયધર્મને જાણીને ઘણા જ આદર પૂર્વક તેની આરાધના કરો,—એમ બોધિદુર્લભભાવનામાં ઉપદેશ છે.

સંસારભ્રમણ કરતો જીવ ઘણો કાળ તો નિગોદમાં જ રહ્યો. નિગોદદશા નરક કરતાં પણ હલકી છે; મન અને ચાર ઇંદ્રિયોને તો તે હારી ગયા છે, એક માત્ર સ્પર્શસંબંધી ઘણો અલ્પ ઉઘાડ રહ્યો છે. અનંત જ્ઞાનશક્તિનો ધણી મોહથી મૂર્છાઈને દુઃખના ડુંગરામાં વીલખી રહ્યો છે. નરકાદિમાં બહારના પ્રતિકૂળ સંયોગનું દુઃખ લોકોને દેખાય છે, પણ નિગોદમાં જીવની જ્ઞાનાદિ શક્તિઓ અતિશયપણે બીડાઈ ગઈ છે ને મોહની ઘણી તીવ્રતા છે તેનું જે અનંત અકથ્ય દુઃખ છે તે સાધારણ જીવોને કલ્પનામાં પણ નથી આવતું. એક નિગોદશરીરમાં અનંતા જીવો ઊપજે—મરે છે, અનંતા જીવો વચ્ચે એક જ શરીર છે. આવી નિગોદદશામાં અનંતા જીવોનાં થોકેથોક પડ્યા છે, એનું જે અનંતુ દુઃખ છે તે તો કેવળીગમ્ય છે. હવે આવી દશામાંથી બહાર નીકળીને જે મનુષ્ય થાય છે એવા જીવને ચેતવવાનો આ ઉપદેશ છે કે ભાઈ! આવા દુઃખો અનંતવાર તું ભોગવી ચુક્યો, તે દુઃખથી છૂટવાનો ઉપાય કરવાનો આ અવસર છે.

નિગોદનો જીવ કોઈવાર એકને એક શરીરમાં લાંબાકાળ સુધી જન્મ્યા—મર્યા કરે છે. એક શરીરમાં મરીને પાછો તે જ શરીરમાં ઊપજે; ફરી મરે ને પાછો તેમાં જ ઊપજે, એમ એકને એક શરીરમાં કેટલીયે વાર જન્મે ને મરે. જીવના અનેક ભવ બદલી જાય છતાં

**મેં મોહતિમિરથી આવૃત નેત્રવાળે,**
**પૂર્વે તને ન નિરખ્યો નકી એક વારે;**

શરીર તો એનું એ જ રહે. આ પ્રકારના ભવો પણ જીવે અનંતવાર કર્યા. નિજસ્વરૂપને ભૂલીને દેહની મમતાથી અનંત શરીર ધારણ કર્યાં, પણ એક્કેય શરીર જીવનું થઈને રહ્યું નહિ. તેમજ અનંતકાળથી શરીર ધારણ કરવા છતાં આત્મા તે શરીરરૂપ થયો નહિ. ઉપયોગસ્વરૂપ આત્મા જડ ક્યાંથી થાય? જીવ સદાય શરીરથી જુદો જ રહ્યો છે. એ જુદાપણું સમજાવવા માટે વીતરાગી સન્તોનો આ ઉપદેશ છે.

બટેટા, ગાજર વગેરેની એક રાઈ જેટલી કટકીમાં અનંતા જીવોનું અસ્તિત્વ છે, ને તેમાં દરેક જીવ સિદ્ધપરમાત્મા જેવી શક્તિવાળો છે; પણ તત્ત્વની વિરાધનાથી એમની ચેતનાશક્તિ એટલી બધી હણાઈ ગઈ છે કે સામાન્ય જીવોને તો 'આમાં જીવ છે' એમ કબૂલવું પણ કઠણ પડે છે. ઘણા લોકો અનાર્યસંસ્કારને લીધે ઈંડાં વગેરેમાં જીવ નથી માનતા ને તેનું ભક્ષણ કરે છે, પણ ઈંડામાં તો દરેકમાં પંચેન્દ્રિય જીવ છે, ને તેનું ભક્ષણ એ સીધો માંસાહાર જ છે, તેમાં પંચેન્દ્રિય જીવની હિંસાનું મોટું પાપ છે. એની તો વાત જ શી, પણ કંદમૂળ (બટેટા વગેરે અનંતકાય) તે પણ અભક્ષ્ય છે. અહીં તો એમ કહેવું છે કે નિગોદના જીવને ચેતના ઘણી જ હણાઈ ગઈ હોવાથી તે અત્યંત દુઃખી છે. એ અનંતુ દુઃખ બહારથી ન દેખાય. લીલીછમ લીલોતરી પવનમાં લહેરાતી હોય—હીલોળા લેતી હોય તે વખતે પણ અંદરના વનસ્પતિકાયિક જીવો સાતમી નરકના નારકી કરતાંય અનંતગુણી દુઃખવેદના ભોગવી રહ્યા છે; ને એવું દુઃખ અનંતકાળ જીવે ભોગવ્યું. નરકનાં તીવ્ર દુઃખો સાંભળ્યા પણ ન જાય, ને તેના કરતાંય નિગોદનાં દુઃખો તો વચનથી કહ્યા ન જાય એવા છે;—જ્યાં માત્ર સ્પર્શ સિવાય બીજું કાંઈ જ જાણવાની જ્ઞાનશક્તિ રહી નથી, એવી અત્યંત હીન દશા છે.

અરે જીવ! તારી કથા મોટી છે. તારા સ્વભાવનો મહિમા પણ મોટો, ને તારા દુઃખની કથા પણ મોટી. અનંતકાળના આ દુઃખોથી છૂટવા માટે સંતગુરુ તને તારા સ્વભાવનો મહિમા બતાવે છે, તે તું ધ્યાનથી સાંભળ, સાવધાન થઈને સાંભળ. રત્નત્રયધર્મ વિના પૂર્વે કેવા કેવા દુઃખો ભોગવ્યા તેનો વિચાર કરીને હવે દુર્લભબોધિભાવના કરવા જેવી છે. પૂર્વે જેના વગર હું ઘણું દુઃખ પામ્યો તે સમ્યગ્દર્શનાદિ રત્નત્રય હું કેમ પામું!—એનો વિચાર કરીને તેનો જ ઉદ્યમ કરવા જેવું છે. હે ભાઈ! હે વાલીડા! તું આ ઉત્તમ ટાણાને ન ચૂકીશ. (ક્રમશઃ) ❊

ના તો મને દુઃખી કરે ક્યમ મર્મભેદી,
એહી અનર્થ ઉદયાગત વિશ્વવેદી! ૩૭.



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૫) સંસાર–અનુપ્રેક્ષા

જેમ માર્ગ ભૂલેલ જીવ ઘોર જંગલમાં વિનષ્ટ થઈ જાય છે તેમ મિથ્યાત્વથી મોહિત મતિ જીવ જિનવચનરૂપી માર્ગને ભૂલીને ઘોર સંસારવનમાં પ્રવેશ્યો થકો નષ્ટ થાય છે. (૧૭૭૭)

સંસારસમુદ્ર બહુ તીવ્ર દુઃખરૂપી જળથી ભરેલો છે, તેમાં અનંતકાય (નિગોદ)માં પ્રવેશ તે પાતાળ છે. ચાર પ્રકારના પરિવર્તનરૂપ ભમ્મર છે. ચાર ગતિરૂપ ઘણા દ્વીપ છે ને તેનો કોઈ અંત–કિનારો નથી :—

—વળી તે સંસારસમુદ્રમાં હિંસાદિ દોષરૂપ મગર વગેરે ક્રૂર જીવો છે, ત્રસ ને સ્થાવર એમ બે પ્રકારના જીવરૂપ ઘણા મચ્છ છે, જન્મ-જરા-મરણરૂપ મોજાં છે, જીવની અનેક જાતિરૂપ તરંગ છે;

વળી ત્યાં શુભ-અશુભ અથવા રાગ-દ્વેષ એવા દ્વિવિધ પરિણામરૂપ પવન છે;— આવા અતિ ભયાનક સંસાર મહાસાગરમાં પ્રવેશેલું, કર્મના ભારથી ભરેલું એવું જીવરૂપ જહાજ દીર્ઘકાળ સુધી ભમે છે. (૧૭૭૮-૮૦)

સંસારમાં એક-બે-ત્રણ-ચાર કે પાંચ ઈન્દ્રિય-સંબંધી જે કોઈ ભવ છે તે બધાયને આ જીવ અનંતવાર પામી ચૂક્યો છે. (ભવ-પરિવર્તન) (૧૭૮૧)

જીવ એક શરીર છોડીને બીજું શરીર ગ્રહણ કરે છે; વળી તેને છોડીને બીજું શરીર ગ્રહણ કરે છે. આ રીતે કુવાના ઘટ યંત્રની જેમ દેહ પરિવર્તન કરતો થકો આ જીવ દ્રવ્ય-સંસારમાં ભ્રમણ કરે છે. (દ્રવ્ય પરિવર્તન) (૧૭૮૨)

સંસારમાં ભ્રમણ કરતો જીવ, રંગભૂમિમાં પ્રવેશેલા નટની જેમ, ઘણા પ્રકારનાં સંસ્થાન-રૂપ-રંગને અસ્થિરપણે ધારણ કરે છે ને છોડે છે. (૧૭૮૩)

જગતમાં કોઈ એવો પ્રદેશ નથી કે જ્યાં પૂર્વે આ જીવ અનંતવાર જન્મ્યો ન હોય ને મર્યો ન હોય (ક્ષેત્રપરિવર્તન) (૧૭૮૪)

અતીતકાળમાં ઉત્સર્પિણી તેમજ અવસર્પિણી કાળના દરેક સમયમાં જીવ અનંતવાર જન્મ્યો તેમજ મર્યો (કાળ પરાવર્તન) (૧૭૮૫)

**પૂજ્યો છતાં શ્રુત છતાં નિરખ્યો છતાંય,**
**ધાર્યો ન ભક્તિથી તને મુજ ચિત્તમાંય;**

આ જીવ પોતાના આઠ મધ્યપ્રદેશો સિવાયના બાકીના આત્મપ્રદેશોમાં, ઊના આંધણમાં ફદફદતા ચોખાની માફક સંકોચ-વિસ્તારરૂપ પરિવર્તન કર્યા કરે છે.(૧૭૮૬)

લોકાકાશના પ્રદેશોને અસંખ્યાતગુણિત કરવામાં આવે તેટલા પ્રકારના શુભાશુભ પરિણામ-રૂપ અધ્યવસાનો આ જીવને છે. (૧૭૮૭)

જેમ ડોલકાકિડો સદાય અનેક પ્રકારના રંગ બદલે છે તેમ આ જીવ સદાય નવા-નવા અધ્યવસાન—સ્થાનોને બદલાવ્યા કરે છે. (ભાવપરિવર્તન) (૧૭૮૮)

આકાશમાં તો પંખી, તળાવમાં મચ્છ અને જમીન પર ભૂમિગોચરી પ્રાણીઓ એક-બીજાની હિંસા કરે છે; આ રીતે સંસારમાં સર્વત્ર ભય છે. (૧૭૮૯)

શિકારીના ભયથી ભાગતું સસલું, અજગરના ઉઘાડા મોઢાને બીલ સમજીને, 'આ મને શરણરૂપ છે'—એવી બુદ્ધિથી, જેમ મૃત્યુના મુખમાં પ્રવેશે છે... (૧૭૯૦)

—તેમ, ભૂખ, તરસ વગેરેની વેદનારૂપ શિકારીથી પીડિત થયેલા અજ્ઞાની જીવો, મહાન દુઃખના હેતુરૂપ એવા સંસારરૂપી સર્પના મુખમાં (—વિષય-કષાયોમાં) પ્રવેશ કરે છે (—જાણે કે તે મને શરણરૂપ થશે.) (૧૭૯૧)

આ લોકમાં સર્વે ઉત્પત્તિસ્થાનોમાં અનેક પ્રકારનાં જે કોઈ ઇન્દ્રિયસુખો (અથવા દુઃખો) છે તે બધાને આ જીવ અનંતવાર પામ્યો છે. (૧૭૯૨)

સંસારમાં જીવ અનંતવાર દુઃખ પામે ત્યારે કોઈકવાર સુખને પણ પામે છે. એ રીતે ઇન્દ્રિયસુખ અનંતકાળમાં ક્યારેક પામતો હોવા છતાં (મિથ્યાત્વને યોગ્ય) તે સર્વે ઇન્દ્રિયસુખોને પણ જીવ અનંતવાર પામ્યો. (૧૭૯૩)

સંસારમાં ભ્રમણ કરતો જીવ ઘણીવાર વિકલેન્દ્રિય થયો. ચિત્ત, વચન, કાન, ચક્ષુ, નાક તથા જીભ વગેરેનો તેમજ ચેષ્ટાબળરૂપ વીર્યયોગ વગરનો થયો. (૧૭૯૪)

સિદ્ધિપંથથી ભ્રષ્ટ એવો તે જીવ, ભવવનમાં ક્યારેક જન્મથી જ આંધળો—બહેરો—મુંગો થઈને ભમ્યો ને તરસ્યો એકાકી વનમાં દીર્ઘકાળ સુધી ભમે છે. (૧૭૯૫)

વળી સંસારમાં ભમતો તે જીવ, પૃથ્વી વગેરે પાંચ પ્રકારની એકેન્દ્રિય (સ્થાવર) પર્યાયમાં પણ, વીર્યના ઉત્થાનરહિત (ત્રસપણુંય પામવાની પરિણામશક્તિ વગરનો) થઈને, અનંતકાળ સુધી હજારો દુઃખ સહન કરતો થકો ભમે છે. (૧૭૯૬)

**તેથી થયો હું દુઃખભાજન જિનરાય !**
**ના ભાવવિહીન ક્રિયા ફલવંત થાય. ૩૮.**

બહુ દુઃખરૂપી ઘૂમરીવાળી અને અત્યંત મલિન પાપજળથી ભરેલી એવી સંસાર-નદીમાં જીવ બિચારો અજ્ઞાનથી અંધ થઈને દીર્ઘકાળ સુધી ભમે છે. (૧૭૯૭)

અનાત્મવશ (પરાધીન) જીવ સંસારચક્ર પર આરૂઢ થઈને પરિભ્રમણ કરે છે. કેવું છે સંસારચક્ર ?—વિષયોની ચાહનારૂપ મજબૂત આરાવાળું છે. દુર્ગતિરૂપ તેની ધરી છે. તેમાં સુખ-દુઃખરૂપ દઢ ખીલા લાગેલા છે. તે અજ્ઞાનરૂપ તુમ્બડા પર લાગેલું છે. કષાયરૂપ દઢ પાટા વડે બાંધેલું છે.... (૧૭૯૮)

વળી તે સંસારચક્ર ઘણા હજારો જન્મોરૂપ વિશાલમાર્ગમાં ઘૂમે છે. મોહરૂપ અત્યંત ચપળ વેગવાળું છે—આવા ચક્ર પર આરૂઢ થયેલો જીવ સંસારમાં પરવશપણે ઘૂમે છે. (૧૭૯૯)

ભાર ઉપાડનારો મનુષ્ય તો ક્યારેક ભાર નીચે ઊતારીને ઘડીભર વિસામો લઈ લ્યે છે; પરંતુ દેહબુદ્ધિથી દેહભાર ઉપાડનારો જીવ એક ક્ષણ પણ વિસામો લેતો નથી. (૧૮૦૦)

એ રીતે કર્મચેતનાના અનુભવથી દુઃખી જીવ, દુર્ગમ માર્ગમાં ભટકતા આંધળાની માફક, ગહન મોહાંધકારમય સંસારવનમાં ભટકે છે. (૧૮૦૧)

સંસારમાં ભમતો આ જીવ, જો કે દુઃખથી ભયભીત અને સુખની ચાહનાવાળો છે. તોપણ મોહથી મૂઢ બનીને જીવહિંસા વગેરે દોષો કરે છે તે દુઃખને ચાહતો નથી છતાં દુઃખના કારણોને (હિંસાદિને) છોડતો નથી; અને સુખને ચાહે છે પણ સુખના કારણ (—સમ્યક્ત્વાદિને) સેવતો નથી આ રીતે મોહીજીવ સાચો ઉપાય કરતો નથી. (૧૮૦૨)

તે હિંસાદિ દોષો વડે જીવ ઘણાં નવા કર્મોને બાંધે છે, તેનો વિપાક થતાં રાગદ્વેષપૂર્વક ભોગવીને વળી ફરી નવાં કર્મો બાંધે છે :—આ રીતે એક અગ્નિમાંથી બીજી અગ્નિમાં પ્રવેશ કરવા જેવું તે કરે છે. (૧૮૦૩)

એ રીતે હિંસાદિક કર્મોને બાંધતો, પછી તેના વિપાકથી કર્મોનું ફળ ભોગવીને તેને છોડતો અને તે ભોગવતાં હર્ષ-શોક, રાગ-દ્વેષ વડે ફરી પાછો નવા કર્મોથી બંધાતો, ને છૂટતો તે જીવ, સુખનો અભિલાષી હોવા છતાં બહુ દુઃખમય સંસારમાં અનાદિથી ભમી રહ્યો છે. (૧૮૦૪)

(ઇતિ સંસારભાવના)

હે નાથ ! દુઃખીજનવત્સલ ! હે શરણ્ય !
કારૂણ્યપુણ્યગૃહ ! સંયમીમાં અનન્ય !

## દુનિયાની દરકાર છોડીને...

આ જગતમાં મારું ચૈતન્યસ્વરૂપ જ સૌથી ઉત્તમ વસ્તુ છે, ને તે જ મારો 'લોક' છે, એ જ અવલોકનીય છે, એનાથી ભિન્ન લોકમાં કોઈ ચીજ મારી નથી—આમ ધર્મી જીવ દુનિયાની દરકાર છોડીને આત્માના અંતર્સ્વરૂપમાં વળે છે. અંતર્સ્વરૂપના અનુભવમાં આ લોકની કે પરલોકની ચિંતા શી? ધર્માત્માને પોતાના ચૈતન્યસ્વરૂપ સિવાય લોકમાં કોઈની અપેક્ષા નથી. મારા ચૈતન્યસ્વરૂપ ઉત્તમ લોકને બગાડવા આ જગતમાં કોઈ સમર્થ નથી,—આમ અંતર્સ્વરૂપના અવલંબને જ્ઞાની-સમકિતી-ધર્માત્મા નિરંતર નિઃશંક અને નિર્ભય વર્તતા થતા મોક્ષને સાધે છે.

આ લોકમાં કે પરલોકમાં સદાય મને મારા ચૈતન્યસ્વરૂપનો જ સાથ છે, એ સિવાય કોઈ પરનો સાથ મને નથી, રાગનો પણ સાથ મને નથી, આવી નિઃશંક પ્રતીતિને લીધે ધર્માત્માને કદી આ લોક કે પરલોક સંબંધી ભય હોતો નથી.

**અરે જીવો! નિર્ભયપણે એકવાર દુનિયાની દરકાર છોડીને આવા આત્મસ્વરૂપનો નિર્ણય તો કરો.**

ભક્તિથી હું નત પ્રતિ ધરી તું દયાને,
થા દેવ! તત્પર દુઃખાંકુર છેદવાને! ૩૯.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—માનવું કાંઈક ને કરવું કાંઈક?

ઉત્તર :—થવાનું હોય એમ જ થાય એમ માનવું.

પ્રશ્ન :—એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી તો દૂધના તપેલામાં એક ટીપું ઝેર પડતાં બધું ઝેરરૂપ થઈ જાય છે તેનું કારણ કોણ?

ઉત્તર :—દરેક પરમાણુ પોતાના કારણ–કાર્ય છે. દૂધના પરમાણુ ઝેરરૂપે પોતાથી પરિણમે છે બીજા ઝેરના રજકણથી નહિ. આહાહા! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. આ વાત વીતરાગની માને કોણ?

પ્રશ્ન :—શું જીવ ને અજીવની સાથે કારણકાર્ય ભાવ સિદ્ધ નથી થતો?

ઉત્તર :—દરેક દ્રવ્યના પરિણામ પોતાથી થાય છે તેને બીજું દ્રવ્ય કરી શકતું નથી. જીવ પોતાના પરિણામથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણ ભાવ સિદ્ધ થતો નથી. હોઠ હલે છે, વાણી નીકળે છે, તેનો કર્તા જીવ છે એમ સિદ્ધ થતા નથી. દાળ, ભાત, શાક થાય છે તેને જીવ કરી શકતો નથી. રોટલીના ટુકડા થાય છે તેનો કર્તા જીવ સિદ્ધ થતો નથી. શરીરના અવયવોનું હલન-ચલન થાય છે. તેનો કર્તા જીવ છે એમ સિદ્ધ થતું નથી પણ તે અજીવના કાર્યનો કર્તા પુદ્ગલ દ્રવ્યો છે એમ સિદ્ધ થાય છે. આહાહા! આકરી વાત છે. વીતરાગે કહેલી વસ્તુને સમજે તો સંસારથી નવરો થઈ જાય એવી વાત છે.

પ્રશ્ન :—એક જીવ બીજાને દુ:ખી ન કરી શકે. પરંતુ અસાતા કર્મનો ઉદય તો દુ:ખનું કારણ છે ને?

ઉત્તર :—એમ પણ નથી. કેમ કે અસાતાકર્મનો ઉદય તો બાહ્ય સંયોગ આપે, પણ તે સંયોગ વખતે દુ:ખની કલ્પના તો જીવ પોતે મોહ ભાવથી કરે તો જ તેને દુ:ખ થાય છે; માટે અસાતા કર્મના ઉદયથી દુ:ખ થતું નથી પણ મોહભાવથી જ દુ:ખ થાય છે. અસાતાના સંયોગ વખતે પણ જો મોહ વડે દુ:ખની કલ્પના ન કરે અને આત્માને ઓળખીને તેના અનુભવમાં રહે તો દુ:ખ થતું નથી. બાહ્ય સંયોગને ફેરવી ન શકાય પણ સંયોગ તરફના વેદનને ફેરવી શકાય છે.

પ્રશ્ન :—પરથી પોતાનું કાર્ય થાય જ નહિ એમ નિર્ણય કરવાથી શું લાભ?

ઉત્તર :—પરથી પોતાનું કાર્ય થાય જ નહિ એમ નિર્ણય કરતાં એટલી પરાલંબી

શ્રદ્ધા તો છૂટી જાય છે એટલો એને લાભ છે, હવે સ્વ તરફ એને વળવાનું રહ્યું, સ્વના આશ્રયનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન :—રાગને જીવ કરે છે, કર્મ કરે છે, અને જીવ તથા કર્મ ભેગા મળીને કરે છે તેમ કહેવામાં આવે છે તો આ ત્રણમાં ખરું શું સમજવું?

ઉત્તર :—રાગ તે જીવના અપરાધથી થાય છે તેથી જીવ રાગનો કર્તા છે, પણ જીવ સ્વભાવમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા રાગનો કર્તા-કર્મ છે. કર્મ વ્યાપક થઈને રાગને કરે છે તેમ કહેવામાં આવે છે અને પ્રમાણનું જ્ઞાન કરાવવું હોય ત્યારે જીવ અને કર્મ બન્ને ભેગા મળીને રાગને કરે છે. જેમ માતા અને પિતા બન્નેનો પુત્ર કહેવાય છે તેમ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા જ્ઞાયકજ્યોત છે તે વિકારનો કર્તા નથી, વિકારનો કર્તા મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ તે ચાર પ્રકારના કર્મો અને તેમના ૧૩ પ્રકારના પ્રત્યયો તે ગુણસ્થાનના કર્તા છે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તે વિકારનો કર્તા નથી.

પ્રશ્ન :–કર્તા–કર્મ અધિકારમાં વિકારને પુદ્ગલ સાથે વ્યાપ્ય–વ્યાપક કહ્યું છે?

ઉત્તર :—સ્વભાવદૃષ્ટિથી જોઈએ તો વિકારનું કારણ સ્વભાવ છે જ નહિ, તેથી વિકારનું નિમિત્ત જે કર્મ છે તેની સાથે વિકારને વ્યાપ્ય-વ્યાપક ગણવામાં આવે છે.

પ્રશ્ન :–જ્ઞાની દ્રવ્ય–ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ એટલો જ આત્મા માને છે?

ઉત્તર :—જ્ઞાની શ્રદ્ધાની અપેક્ષાએ એમ માને છે તોપણ જ્ઞાનની અપેક્ષાથી જોતા રાગનો કર્તારૂપ પરિણમનાર જીવ પોતે છે તેમ જ્ઞાની જાણે છે.

સ્ફટિકમણિમાં જે લાલ પીળી આદિ ઝાંય થાય છે તે તેની યોગ્યતાથી થાય છે તોપણ સ્ફટિકમણીના મૂળ સ્વભાવથી જોઈએ તો એ રંગ ઉપાધિરૂપ છે. મૂળ સ્વભાવ નથી. તેમ જીવમાં પર્યાયદૃષ્ટિથી જોઈએ તો વિકાર તેનો પર્યાયની યોગ્યતારૂપ ધર્મ છે પણ દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો તે વિકાર તેનો મૂળ સ્વભાવ નથી.

પ્રશ્ન :—દ્રવ્ય શુદ્ધ છે, ગુણો શુદ્ધ છે અને પર્યાયમાં અશુદ્ધતા છે તે કર્મના લઈને થતી નથી તો અશુદ્ધતા આવી ક્યાંથી?

ઉત્તર :—દ્રવ્ય-ગુણ ત્રિકાળ શુદ્ધ જ છે અને પર્યાયમાં વિકાર થાય છે તે પર્યાયની તે સમયની યોગ્યતાથી ક્ષણિક વિકાર થાય છે, કર્મથી વિકાર થતો નથી. કર્મનું નિમિત્તનું લક્ષ કરીને તે સમયની યોગ્યતાથી જ વિકાર થાય છે. પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં વિકારને પરકારકની અપેક્ષા જ નથી તેમ કહ્યું છે, કેમ કે વિકાર પણ તે સમયનું સ્વતંત્ર પરિણમન છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** અનેક પડખેથી આચાર્ય ભગવંત સ્વભાવનો મહિમા કરે છે તે વાંચીએ છીએ, સાંભળીએ છીએ પણ અંદરમાંથી મહિમા કેમ આવતો નથી? મહિમા–રુચિ કેમ થાય?

**સમાધાન :—** બધું કારણ પોતાનું જ છે, બીજા કોઈનું કારણ નથી, મહિમા નહિ આવવાનું કારણ પોતાનું જ છે. પોતે પુરુષાર્થ કરે તો મહિમા–રુચિ થાય, અંદર પોતાને ઓળખે તો મહિમા–રુચિ થાય. પોતાને એટલી લગની લાગી નથી, ધગશ લાગી નથી, એટલે મહિમા–રુચિ થતાં નથી. પોતે બહારમાં ક્યાંક રોકાઈ જાય છે એટલે મહિમા આવતી નથી. અનંતકાળ આમ ને આમ ગયો તેમાં બધું કારણ પોતાનું છે, બીજા કોઈનું કારણ નથી.

**પ્રશ્ન :—** આત્માનો સ્વભાવ તો સ્વ–પરપ્રકાશક છે. તો સમ્યગ્દષ્ટિ જીવને સ્વાનુભૂતિના સમયે પર જણાય છે કે કેમ?

**સમાધાન :—** સ્વાનુભૂતિના સમયે બહાર ઉપયોગ નથી એટલે પર-પરજ્ઞેયો જણાતા નથી. પોતાનો ઉપયોગ અંદર છે અને તેમાં અનંતગુણની પર્યાયો જણાય છે, માટે સ્વ-પરપ્રકાશકપણું ત્યાં પણ ઊભું રહે છે, તેનો નાશ થતો નથી. સમ્યગ્દર્શન–સ્વાનુભૂતિની પર્યાય પ્રગટે છે તે કાળે પોતે આનંદગુણને વેદે છે, પોતાના અનંતગુણ વેદનમાં આવે છે. માટે પોતે પોતાને જાણે છે અને પોતે બીજા ગુણ-પર્યાયોને પણ જાણે છે અને તેથી સ્વ-પરપ્રકાશકપણું છે. સ્વાનુભૂતિના સમયે સ્વને એટલે કે જ્ઞાન પોતે પોતાને જાણે છે અને પર એટલે કે બહારના જ્ઞેયને નથી જાણતું; પણ પોતે અંતરમાં જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા સ્વરૂપ એવા પોતાને અભેદપણે જાણે છે, પોતાની અનંત પર્યાયોને જાણે છે. તે અનંત પર્યાયનાં નામ નથી આવડતાં, પણ પોતાને અનંત પર્યાયનું વેદન થાય છે તેને જાણે છે. ચૈતન્યચમત્કાર સ્વરૂપ આત્મા છે, તેની અનેક જાતની પર્યાયને તે જાણે છે તે અનુભવના કાળે પરપ્રકાશકપણું છે અને ઉપયોગ બહાર હોય ત્યારે તે બહારનું જાણે છે પણ તેમાં એકત્વ થતું નથી. (અનુભવ કાળે) પોતે પોતાનો જ્ઞાયક રહે છે, જ્ઞાતાની ધારા ચાલે છે અને ઉપયોગ બહાર હોય છે ત્યારે તેનાથી જુદો રહીને પરને જાણે છે. એટલે કે પોતે પોતાને જાણે છે અને બીજાને પણ જાણે છે. આ રીતે સવિકલ્પદશામાં સ્વ-

પરપ્રકાશકપણું છે અને અંતરમાં પોતે પોતાને જાણે છે અને પોતાના અનંતગુણ–પર્યાયોને જાણે છે તે નિર્વિકલ્પદશાના કાળનું સ્વ-પરપ્રકાશકપણું છે. અનેક જાતની પર્યાયો તેને સ્વાનુભૂતિમાં પરિણમે છે તેને જાણે છે તથા પોતાને અભેદપણે જાણે છે. આ રીતે બધું જાણે છે તે નિશ્ચય સ્વ-પરપ્રકાશકપણું છે.

પરને જાણે તે વ્યવહાર એટલે કે તે પરને નથી જાણતો એવો તેનો અર્થ નથી. વ્યવહાર એટલે કે બીજાને જાણતો નથી અને બીજાને જાણે તે કહેવામાત્ર છે એવું નથી. પરને જાણે છે, પણ તે બીજું–બહારનું–જ્ઞેય થયું એટલે વ્યવહાર કહેવાય છે.

***પ્રશ્ન*** **:—**વિશેષ શાસ્ત્ર–અભ્યાસ ન હોય તો પણ આત્માની પ્રાપ્તિ થઈ શકે ?

**સમાધાન :—**શિવભૂતિ મુનિને ગુરુએ માતુષ–મારૂષ એમ કહ્યું, પરંતુ એટલું પણ તેઓ ભૂલી ગયા અને તુષ-માષ થઈ ગયું. ત્યાં એક બાઈ દાળ ધોતી હતી. તે ફોતરાં અને દાળ જોઈને તેમને થયું કે ફોતરાં જુદાં છે અને દાળ જુદી છે. અને તે ઉપરથી યાદ આવ્યું કે મારા ગુરુએ એમ કહ્યું છે કે આત્મા જુદો છે ને શરીર, વિભાવ-રાગ-દ્વેષાદિ જુદા છે. આ રીતે મારો સ્વભાવ જુદો છે એમ પ્રયોજનભૂત ગ્રહણ કરી લીધું અને અંતરમાં ઊતરી ગયા. આમ વધારે શાસ્ત્ર-અભ્યાસની જરૂર નથી, પણ અંદરની લગની, અંદરનો પુરુષાર્થ અને રુચિની જરૂર છે. તે યથાર્થ સમજે તો થાય અને આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરે તો થાય. અંતરસ્વરૂપ સમજવાની જરૂર છે. આત્મા બીજાથી જુદો છે, તે જ્ઞાયક છે, આનંદથી ભરેલો છે, મહિમાવંત છે, તે કોઈ જુદું જ તત્ત્વ છે એમ અંતરમાંથી સમજે તો થાય. જિનેન્દ્રદેવે પૂર્ણતા કેમ કરી, ગુરુ કેવી રીતે સાધના કરી રહ્યા છે, શાસ્ત્રમાં શું વાત આવે છે, સમજાવનાર ગુરુ શું કરી રહ્યા છે, શું માર્ગ બતાવી રહ્યા છે તે પોતે ગ્રહણ કરે. પ્રયોજનભૂત-મૂળભૂત વાત ગ્રહણ કરે તો પમાય તેવું છે. વિશેષ શાસ્ત્રાભ્યાસ કરે તો જ પમાય એમ નથી, દિવસ અને રાત લગની લાગવી જોઈએ. બહારની રુચિ અને રસ હોય તો આ ન થાય, પણ આત્માનો રસ લાગવો જોઈએ. આ બહારનું બધું અંતરમાં નીરસ લાગે, અર્થાત્ અંતરમાંથી તેનો બધો રસ છૂટી જાય, તેની મહિમા છૂટી જાય તો આત્મપ્રાપ્તિ થાય. રસ એક આત્માનો લાગે, બીજી મહિમા છૂટી જાય, તથા સંસાર મહિમાવંત નથી, પણ મહિમાવંત મારો આત્મા જ છે એવું અંતરમાંથી લાગે તો થાય. મૂળ પ્રયોજનભૂત આત્માના સ્વભાવને ઓળખે એટલે કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે એમ મૂળ પ્રયોજનભૂત સ્વરૂપ સમજે તો આત્મા પમાય. તેના પુરુષાર્થમાં ખામી છે, પણ અંદરની ખરી લગની લાગે તો વારે વારે પુરુષાર્થ કરે, વારંવાર પુરુષાર્થ થાય. સાચી રુચિ હોય તો વારે વારે પુરુષાર્થ થયા જ કરે. જો રુચિ મંદ પડે તો વારંવાર પુરુષાર્થ કરી ઉગ્ર કરે. લગની અંદરથી લાગવી જોઈએ. આત્માની લગની અંદરથી લાગે તેને ક્યાંય ચેન પડે નહિ.

## બાળ વિભાગ

## સ્થિતિકરણ–અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા

મહાવીર ભગવાનના વખતમાં રાજગૃહીનગરીમાં શ્રેણીક રાજાનું રાજ્ય હતું. તેમની મહારાણી ચેલણાદેવી, તેનો પુત્ર વારિષેણ જેને ઘણી સુંદર ૩૨ રાણીઓ હતી છતાં તે ઘણો વૈરાગી હતો અને તેને આત્માનું જ્ઞાન હતું.

રાજકુમાર વારિષેણ એક વખત ઉદ્યાનમાં ધ્યાન કરતા હતા. એવામાં વિદ્યુત નામનો ચોર એક કિંમતી હાર ચોરીને ભાગતો હતો તે ત્યાં આવ્યો. તેની પાછળ સિપાઈઓ હતા. પકડાઈ જવાની બીકે તે હાર વારિષેણના પગ પાસે ફેંકીને તે ચોર સંતાઈ ગયો. આથી, રાજકુમારને જ ચોર સમજીને રાજાએ તેને ફાંસીની સજા કરી. પણ, જ્યારે જલ્લાદે તેના પર તલવાર મારી ત્યારે વારિષેણની ડોકમાં તલવારને બદલે ફૂલની માળા થઈ ગઈ. છતાં રાજકુમાર તો મૌનપણે ધ્યાનમાં જ હતા. તેણે મનમાં પ્રતિજ્ઞા કરી હતી કે ઉપસર્ગ દૂર થાય તો હું દીક્ષા લઈશ.

આવો ચમત્કાર દેખી ચોરને પસ્તાવો થયો. તેણે રાજાને કહ્યું કે ખરો ચોર હું છું હારની ચોરી મેં કરી છે, આ રાજકુમાર તો નિર્દોષ છે. એ વાત સાંભળી રાજાએ કુંવરની ક્ષમા માંગી અને તેને રાજમહેલમાં આવવા કહ્યું કેમકે એની માતા એની રાહ જોતી હતી.

પણ, વૈરાગી વારિષેણકુમારે કહ્યું–'પિતાજી ! આ અસાર સંસારથી હવે બસ થાઓ. આ રાજપાટમાં ક્યાંય મારું ચિત્ત લાગતું નથી. મારું ચિત્ત તો એક ચૈતન્યસ્વરૂપ આત્માને સાધવામાં જ લાગ્યું છે. તેથી, હવે તો હું દીક્ષા લઈને મુનિ થઈશ.' આમ કહીને એક મુનિરાજ પાસે જઈને તેણે દીક્ષા લીધી અને આત્માને સાધવા લાગ્યા.

હવે, રાજમંત્રીનો પુત્ર પુષ્પડાલ હતો, તે બાળપણથી જ વારિષેણનો મિત્ર હતો. તેના લગ્ન હમણાં જ થયા હતા. તેની સ્ત્રી બહુ સુંદર ન હતી. એકવાર વારિષેણમુનિ ફરતાં ફરતાં પુષ્પડાલને ત્યાં આવી પહોંચ્યા ને પુષ્પડાલે તેમને વિધિપૂર્વક આહારદાન કર્યું. આ પ્રસંગે, પોતાના પૂર્વના મિત્રને ધર્મ પમાડવાની ભાવના તે મુનિરાજને જાગી. આહાર કરીને તેઓ તો જંગલ તરફ જવા લાગ્યા; વિનય ખાતર પુષ્પડાલ પણ તેમની પાછળ ગયો. થોડે દૂર ગયા પછી તેને એમ થયું કે હવે મુનિરાજ રોકાઈ જવાનું કહે તો હું પાછો વળું, પણ મુનિ તો દૂર ને દૂર ચાલ્યા જ જાય છે...મિત્રને કહેતા નથી કે હવે તમે રોકાઈ જાવ !

પુષ્પડાલને ઘરે જવાની આકુળતા થવા લાગી. તેણે મુનિરાજને યાદ દેવરાવવાના

હેતુથી કહ્યું કે આપણે નાના હતા ત્યારે આ તળાવે આવતા અને કેરીના ઝાડ નીચે સાથે રમતા હતા. આ ઝાડ ગામથી બે ત્રણ માઈલ દૂર છે...આપણે ગામથી ઘણે દૂર આવી ગયા છીએ....

તે સાંભળવા છતાં વારિષેણમુનિએ તેને રોકાઈ જવાનું ન કહ્યું. અહા! પરમ હિતસ્વી મુનિરાજ એને મોક્ષનો માર્ગ છોડીને સંસારમાં જવાનું કેમ કહે? તેમને તો એમ હતું કે મારો મિત્ર પણ મોક્ષના મારગમાં મારી સાથે જ આવે.

હે સખા! ચાલને...મારી સાથ મોક્ષમાં,
છોડ પર ભાવને...ઝૂલ આનંદમાં.
અમે જશું મોક્ષમાં...કેમ તને છોડશું?
ચાલને મોક્ષમાં...તુંય અમ સાથમાં.



અહા! જાણે કે પોતાની પાછળ પાછળ ચાલનારાને મોક્ષમાં જ લઈ જતા હોય એમ પરમનિસ્પૃહતાથી મુનિ તો આગળ ને આગળ ચાલ્યા જાય છે. પુષ્પડાલ પણ લાજે શરમે તેમની પાછળ જઈ રહ્યો છે.

અંતે તેઓ આચાર્યમહારાજ પાસે આવી પહોંચ્યા ને વારિષેણમુનિએ કહ્યું—'પ્રભો! આ મારો પૂર્વનો મિત્ર છે ને સંસારથી વિરક્ત થઈને આપની પાસે દીક્ષા લેવા આવ્યો છે.' આચાર્ય મહારાજે તેને નિકટભવ્ય જાણીને દીક્ષા આપી દીધી. અહા! સાચા મિત્ર તો એ છે કે જે જીવને ભવસમુદ્રથી ઉગારે.

હવે, મિત્રના અનુગ્રહવશ પુષ્પડાલ મુનિ તો થઈ ગયો અને બહારમાં મુનિને યોગ્ય ક્રિયાઓ કરવા લાગ્યો પણ એનું ચિત્ત હજી સંસારથી છૂટ્યું ન હતું. ભાવમુનિપણું હજી તેને થયું ન હતું. દરેક ક્રિયાઓ કરતાં તેને પોતાનું ઘર યાદ આવતું હતું. સામાયિક વખતેય તેને વારંવાર પોતાની સ્ત્રીનું સ્મરણ થયા કરતું હતું. વારિષેણમુનિ તેમના મનને સ્થિર કરવા માટે તેની સાથે જ રહીને તેને વારંવાર ઉત્તમ જ્ઞાન—વૈરાગ્યનો ઉપદેશ દેતા હતા. પણ હજી તેનું મન ધર્મમાં સ્થિર થયું ન હતું.

એમ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયા. એક વાર તે બંને મુનિઓ મહાવીર ભગવાનનાં સમવસરણમાં બેઠા હતા ત્યારે ઈન્દ્રે પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું કે 'હે નાથ! આ

રાજપૃથ્વીને છોડીને આપ મુનિ થયા તેથી પૃથ્વી અનાથ થઈને આપના વિરહમાં ઝૂરે છે અને તેના આંસુઓ આ નદીરૂપે વહી રહ્યા છે.'

અહા! ઈન્દ્રે તો સ્તુતિ વડે ભગવાનના વૈરાગ્યની સ્તુતિ કરી; પણ જેનું ચિત્ત હજી વૈરાગ્યમાં લાગ્યું ન હતું એવા પુષ્પડાલને તો તે શ્લોક સાંભળીને એમ થયું કે અરે! મારી સ્ત્રી પણ એ પૃથ્વીની જેમ બાર વર્ષથી મારા વગર ઝૂરતી હશે ને દુઃખી થતી હશે. મેં બાર વર્ષથી એનું મોઢું જોયું નથી, મને પણ એના વિના ચેન પડતું નથી. માટે ચાલ, એની સંભાળ કરી આવું. થોડો વખત એની સાથે રહીને પછી દીક્ષા લઈ લઈશ.

આમ વિચારીને પુષ્પડાલ તો કોઈને પૂછ્યા-ગાછ્યા વગર ઘર તરફ જવા લાગ્યો. વારિષેણમુનિ એની ચેષ્ટા સમજી ગયા. તેમના હૃદયમાં મિત્ર પ્રત્યે ધર્મવાત્સલ્ય જાગ્યું; કોઈ પણ રીતે તેને ધર્મમાં સ્થિર કરવો જોઈએ—એમ વિચારીને તેઓ પણ તેની સાથે સાથે ચાલ્યા અને તેને લઈને પોતાના રાજમહેલમાં આવ્યા.

મિત્ર સહિત પોતાના કુંવરને મહેલમાં પાછો આવતો દેખીને ચેલણારાણીને આશ્ચર્ય થયું કે વારિષેણ મુનિદશા ન પાળી શકવાથી પાછો આવ્યો કે શું? એમ તેને સંદેહ થયો. તેથી પરીક્ષા માટે તેણે એક લાકડાનું આસન અને બીજું સોનાનું આસન રાખ્યું; પણ વૈરાગી વારિષેણમુનિ તો વૈરાગ્યપૂર્વક લાકડાના જ આસને બેઠા. આથી વિચક્ષણ ચેલણાદેવી સમજી ગઈ કે કુંવરનું મન તો વૈરાગ્યમાં દૃઢ છે; તેના આગમનમાં બીજો જ કોઈ હેતુ હશે.

વારિષેણમુનિ આવતાં જ તેની ગૃહસ્થાશ્રમની ૩૨ રાણીઓ પણ દર્શનાર્થે આવી. રાજમહેલનો આવો અદ્‌ભુત વૈભવ અને આવી સુંદર ૩૨ રૂપયૌવનાઓને દેખીને પુષ્પડાલ તો આશ્ચર્ય પામી ગયો કે અરે! આવો રાજવૈભવ અને આવી સુંદર ૩૨ રાણીઓ છતાં આ રાજકુમાર તેની સામે પણ નથી જોતો! તેને છોડ્યા પછી યાદ પણ નથી કરતો ને આત્માને જ સાધવામાં એણે પોતાનું ચિત્ત જોડી દીધું છે. વાહ! ધન્ય છે એને! અને હું તો એક સાધારણ સ્ત્રીનો મોહ પણ મનમાંથી છોડી શકતો નથી. અરેરે! બાર-બાર વર્ષનું મારું સાધુપણું નકામું ગયું.



વારિષેણમુનિએ પુષ્પડાલને કહ્યું : 'હે મિત્ર! હજી પણ જો તને સંસારનો મોહ હોય તો તું અહીં રહી જા અને આ બધા વૈભવને ભોગવ! અનાદિકાળથી જે સંસારને ભોગવવા છતાં તૃપ્તિ ન થઈ તે એંઠને હજી પણ તું ભોગવવા માંગતો હો તો લે, આ બધું ભોગવ! વારિષેણની વાત સાંભળીને પુષ્પડાલમુનિ અત્યંત શરમાઈ ગયા, એની આંખ

ઉઘડી ગઈ, એનો આત્મા જાગી ઊઠ્યો.

રાજમાતા ચેલણા પણ બધી પરિસ્થિતિ સમજી ગઈ અને ધર્મમાં સ્થિર કરવા તેને કહ્યું—'અરે મુનિરાજ ! આત્માના ધર્મને સાધવાનો આવો અવસર ફરી ફરી નથી મળતો. માટે, તમારું ચિત્ત મોક્ષમાર્ગમાં જોડો. આ સંસાર તો અનંતવાર ભોગવાઈ ચૂક્યો છે, તેમાં કિંચિત્ સુખ નથી. માટે, તેનું મમત્વ છોડીને મુનિધર્મમાં તમારા ચિત્તને સ્થિર કરો.'

વારિષેણ મુનિરાજે પણ જ્ઞાન–વૈરાગ્યનો ઘણો જ ઉપદેશ આપ્યો. 'હે મિત્ર ! હવે તારું ચિત્ત આત્માની આરાધનામાં સ્થિર કર અને મારી સાથે મોક્ષમાર્ગમાં આવ.'

પુષ્પડાલે કહ્યું–'પ્રભો ! તમે મને મુનિધર્મથી પતિત થતો બચાવ્યો છે ને સાચો બોધ આપીને મને મોક્ષમાર્ગમાં સ્થિર કર્યો છે. સાચા મિત્ર તમે જ છો. આપે ધર્મમાં મારું સ્થિતિકરણ કરીને મહાન ઉપકાર કર્યો છે. હવે મારું મન આ સંસારથી ને આ ભોગોથી ખરેખર ઉદાસીન થયું છે ને આત્માના રત્નત્રય ધર્મની આરાધનામાં સ્થિર થયું છે. સ્વપ્ને પણ હવે આ સંસારની ઇચ્છા નથી. હવે તો અંતરમાં લીન થઈને આત્માના ચૈતન્યવૈભવને સાધશું.'

આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરીને તે પુષ્પડાલ ફરીને મુનિધર્મમાં સ્થિર થયા...અને બંને મુનિવરો વન તરફ ચાલ્યા....

(વારિષેણ મુનિરાજની આ કથા આપણને એમ શીખડાવે છે કે કોઈ પણ સાધર્મી–ધર્માત્મા કદાચિત્ શિથિલ થઈને ધર્મમાર્ગથી ડગતો હોય તો તેના પ્રત્યે તિરસ્કાર ન કરવો પણ પ્રેમપૂર્વક તેને ધર્મમાર્ગમાં સ્થિર કરવો. તેને સર્વપ્રકારે સહાય કરીને, ધર્મનો ઉલ્લાસ જગાડીને, જૈનધર્મનો પરમ મહિમા સમજાવીને કે વૈરાગ્યભર્યા સંબોધન વડે, હરકોઈ પ્રકારે ધર્મમાં સ્થિર કરવો. તેમ જ, પોતે પોતાના આત્માને પણ ધર્મમાં વધુ ને વધુ સ્થિર કરવો; ગમે તેવી પ્રતિકૂળતામાં પણ ધર્મથી જરાપણ ડગવું નહીં.)

---

(અનુસંધાન પેજ નં. ૩૩ થી ચાલુ)

(૧૭) આગામી કાળમાં વિષયોની ઇચ્છા કરવી એ .............. શલ્ય છે. (નિદાન, મિથ્યાત્વ, માયા)

(૧૮) અજડત્વ એ ............... દ્રવ્યનો પ્રતિજીવી ગુણ છે. (પુદ્ગલ, જીવ, આકાશ)

(૧૯) દ્રવ્ય પ્રાણના ............. ભેદ છે. (દશ, આઠ, પાંચ)

(૨૦) મન, વચન, કાયાના અવલંબનથી કર્મ, નોકર્મ ગ્રહણ કરવાની શક્તિને ............... કહે છે. (પ્રમાદ, કષાય, યોગ)

## (૯૨)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી .................... ની જરૂર છે.

(૨) વસ્તુદૃષ્ટિથી પર્યાય .................. છે.

(૩) .................... મુનિરાજે સાતસો મુનિઓનો ઉપદ્રવ દૂર કર્યો હતો.

(૪) અભેદ દૃષ્ટિમાં ....................... દેખાતો નથી.

(૫) આ જીવને ................ નયનો પક્ષ કદાપિ આવ્યો નથી.

(૬) એક જ વખતમાં જેને બધુ યાદ રહી જાય તે ........................... મુનિ હતા.

(૭) .................... સમજ્યા વગર આ જીવ દુઃખ પામ્યો છે.

(૮) એક ભૂલ ..................... હોય તો બધા ................... ભૂલ હોય છે.

(૯) સાધકને શુભભાવ ......................... જેવો લાગે છે.

(૧૦) પ્રવચનસારની ................. થી ................ ગાથાને પંચરત્ન ગાથા કહે છે.

(૧૧) ગણધરદેવ અંતરમુહૂર્તમાં ................ અંગ અને ........... પૂર્વની રચના કરે છે.

(૧૨) સાધક જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ................ સમય જ લાગે ............... સમય લાગે જ નહીં.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ સર્વપ્રથમ શત્રુંજયની યાત્રા વિ.સં. ....................માં કરી હતી.

(૧૪) અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓ ઉપર ................... ગામમાં ઉપસર્ગ થયો હતો.

(૧૫) પૂજ્ય ગુરુદેવશ્રીને સમયસાર સર્વપ્રથમ વિ.સં. ...................માં પ્રાપ્ત થયું હતું.

(૧૬) પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્મેદશિખરની સર્વપ્રથમ યાત્રા .................માં કરી હતી.

(૧૭) પ્રથમોપશમ સમ્યક્ત્વ છે તે.................... થી માંડી ................ ગુણસ્થાન સુધી હોય છે.

(૧૮) વસ્તુનું પરિણામ .................... નિરપેક્ષ હોય છે.

(૧૯) ઉપાદાન વસ્તુની .................. શક્તિ છે અને નિમિત્ત તો કારણ છે.

(૨૦) શુદ્ધ નિશ્ચયનયથી જીવને ................. નથી તેમજ ................. પણ નથી.

## (૯૨) બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) જૈન દર્શન એ ................ છે. (વેષ, વસ્તુનો સ્વભાવ, સંપ્રદાય)

(૨) અસ્તિકાયનો અર્થ .................. છે. (એક પ્રદેશી, બહુ પ્રદેશી, હયાતિ)

(૩) વિષ્ણુકુમાર મુનિ .................... ભગવાનના શાસનમાં થયા હતા. (ધર્મનાથ, નેમિનાથ, અરહનાથ)

(૪) સમ્યગ્દષ્ટિને આયુષ્યનો બંધ ........... ભાવમાં જ થાય છે. (શુભ, અશુભ, શુદ્ધ)

(૫) સોળ સ્વર્ગથી ઉપરના બધા દેવો............... દેવ હોય છે. (કલ્પાતીત, કલ્પોપન્ન, લૌકાંતિક)

(૬) બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા જીવોને ............... કહે છે. (અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, વિકલત્રય)

(૭) પાંચ પરમેષ્ઠીમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત ............... પરમેષ્ઠી હોય છે. (બે, એક, ત્રણ)

(૮) એક જીવને એક સાથે વધુમાં વધુ ................. જ્ઞાન હોઈ શકે છે. (ચાર, ત્રણ, પાંચ)

(૯) ચાર ઘાતિકર્મોમાં સૌથી પહેલા ................ કર્મનો ક્ષય થાય છે. (જ્ઞાનાવરણીય, અંતરાય, મોહનીય)

(૧૦) મનઃપર્યયજ્ઞાન ................ ગુણસ્થાન સુધી હોય છે. (૬ થી ૧૨, ૬ થી ૧૦, ૬ થી ૯)

(૧૧) પરદ્રવ્યમાં પ્રીતિભાવ ઉત્પન્ન થવો એ ............... નોકષાય છે. (રતિ, અરતિ, જુગુપ્સા)

(૧૨) છ દ્રવ્યમાં સૌથી વધુ પ્રદેશ ............... દ્રવ્યના છે. (કાળ, જીવ, આકાશ)

(૧૩) વાત્સલ્ય અંગમાં ............... મુનિની કથા પ્રસિદ્ધ છે. (ધરસેન, પૂજ્યપાદ, વિષ્ણુકુમાર)

(૧૪) નિષ્પ્રયોજન પાપવર્ધક ક્રિયાઓનો ત્યાગ કરવો તેને ........... કહે છે. (દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડવ્રત)

(૧૫) ........... સિદ્ધક્ષેત્રથી ૯૯ કરોડ મુનિઓ મોક્ષ પધારેલ છે. (સિદ્ધવરકૂટ, તુંગીગિરિ, ગિરનાર)

(૧૬) ધર્મધ્યાન ............... ગુણસ્થાન સુધી હોય છે. (૪ થી ૭, ૪ થી ૯, ૪ થી ૧૨)

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૫ થી ૬-૧૫ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન માર્ચ– ૨૦૨૧ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) અયોગી | (૭) દ્રવ્યાનુયોગ | (૧૪) દેવ |
| (૨) એક કરોડ પૂર્વનું | (૮) એકત્વ – વિભક્ત | (૧૫) સમ્યગ્દૃષ્ટિ |
| (૩) ૪૬ – ૩૨ | (૯) મરણ | (૧૬) ચોથા |
| (૪) સમ્યગ્દર્શન | (૧૦) ૩૩ | (૧૭) ૫૬ |
| (૫) તેરમું | (૧૧) નિશ્ચય | (૧૮) મોક્ષ |
| (૬) ૧૪૮ | (૧૨) ભરત | (૧૯) હેય |
| | (૧૩) મિથ્યાત્વ | (૨૦) શુદ્ધ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૨૧ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ચારિત્ર | (૮) પુદ્‌ગલ | (૧૪) સૂક્ષ્મત્વ |
| (૨) અધિકરણ | (૯) ૨૨ | (૧૫) શ્રીકૃષ્ણ |
| (૩) અગુરુલઘુત્વ | (૧૦) ૪ | (૧૬) સુવીર |
| (૪) પર્યાય | (૧૧) સંવર | (૧૭) હસ્તિનાપુર |
| (૫) ત્રણ | (૧૨) તુંગીગિરિ | (૧૮) વ્યવહારકારળ |
| (૬) અસ્તિત્વ | (૧૩) ૨૦ | (૧૯) મુનિસુવ્રતનાથ |
| (૭) પોદનપુર | | (૨૦) અવ્યાબાધ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન : નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને ?

ઉત્તર : એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અંતઃતત્ત્વ જે ધ્રુવ તળ-દળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે. આ ઉપદેશ ભેદજ્ઞાનની પરાકાષ્ઠાનો છે. પ્રભુ ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે. તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે તેના આશ્રયે જ પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા-દાન આદિના શુભ પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. ૪૫૧.


● જ્ઞાયક-ધ્રુવ શુદ્ધ તેનું જ્ઞાન કરીને, તેની પ્રતીતિ કરીને, તેની રમણતા કરીને એક આત્મારામ થઈને શું અનુભવ કરે છે તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણીને, પ્રતીતિ કરીને, સ્વરૂપાચરણ કરીને એમ અનુભવે છે કે હું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. શુદ્ધ-બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખધામ હું છું. ચૈતન્ય જાનન-દેખનમાત્ર જ્યોતિ છું. રાગાદિ બિલકુલ હું નથી. ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા માને છે. રાગરૂપ પોતાને નથી માનતો. ૪૫૨.

● કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત નથી, માટે વિશેષ જાણવાની આકાંક્ષાના લોભથી બસ થાઓ. કેવળી અને શ્રુતકેવળીમાં વધુ ઓછું જાણવારૂપ ભેદ છે. પણ એ ભેદ અત્યંત ગૌણ છે. કેવળી એકીસાથે પરિણમતા સમસ્ત ચૈતન્ય વિશેષોવાળા કેવળજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે અને શ્રુતકેવળી ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે. આમ આત્મઅનુભવનમાં કેવળી તે શ્રુતકેવળી તુલ્ય જ છે. સ્વરૂપસ્થિરતાની તારતમ્યતારૂપ ભેદ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ લોભ છોડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયરૂપ સ્વરૂપમાં નિશ્ચળ રહેવું જ યોગ્ય છે. ૪૫૩.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૨૧
અંક-૮ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-4-2021
Posted on 1-4-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org